



સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૧૪, સળંગ અંક : ૯૩૦, તારીખ : ૨૮-૦૮-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ
(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬
R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 28/08/2017, RMS G'nagar, Valid up to 31/12/19


## ડ્રીપમાં તેમજ પ્રેસર શક્તિના કૃષિક્ષેત્ર પરના લગાડવામાં આવેલા જી.એસ.ટી. તેમજ કૃષિ ધિરાણના વ્યાજ વળતરના બે વર્ષના ૫૮૫ ટકા કરોડના કેન્દ્ર સરકારના બાકી નાણાં અંગે ભા.કિ.સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા નવી દિલ્હી ખાતે ઉચ્ચ કક્ષાએ રજુઆત...

ભા.કિ. સંઘ ગુ.પ્રદેશ દ્વારા તાજેતરમાં સૂક્ષ્મપિયત પદ્ધતિ (ડ્રીપ) ઉપર ૧૮ ટકા જી. એસ. ટી. લગાડવામાં આવેલ હોઈ ૧ યુનીટ પર ૧૮૦૦૦/- રૂા.નું ભારણ સહન કરવાનું થતું હોઈ હાલ આવી સીસ્ટમથી ખેતી કરતા કિસાનોમાં વેદના પ્રગટેલ છે. અને કૃષિ ક્ષેત્રે ગુજરાતમાં વિશેષ કરીને કૃષિ ક્રાંતિ માટે મહત્વપૂર્ણ સાબિત થયેલ ડ્રીપમાં આવેલા વધારાથી આગામી દિવસોમાં વિપરીત અસરો પડવાની સંભાવનાઓ વ્યક્ત થતો તે અંગે ભા.કિ.સંઘ દ્વારા અગાઉ પણ રજુઆતો થયેલ ને પુનઃ આ અંગે ના ૨૨/૨૩ ઓગસ્ટના રોજ પ્રતિનિધિ મંડળ દ્વારા રૂબરૂ ઉચ્ચ કક્ષાએ ભારત સરકારમાં રજુઆતો કરતાં આગામી જી.એસ.ટી. કાઉન્સીલની બેઠકોમાં આ રજુઆતને ધ્યાને લઈ ઘટતું કરવા ખાત્રી આપવામાં આવેલ છે.

આ અંગા એક મહત્વપૂર્ણ બેઠક મા. અન્ધુનરામ મેઘવાલજી રાજયકક્ષાના નાણામંત્રીશ્રીના કાર્યાલયમાં રાખવામાં આવેલ જેમાં નાબાર્ડ તથા નાણાં વિભાગના (કૃષિ) સંબંધિ અધિકારીઓ સાથે ભા.કિ.સંઘના હોદ્દેદારોની ચર્ચા થયેલ અને કૃષિક્ષેત્ર પરની લાગુ થયેલ કે લાગુ થનાર સંભવિત તમામ બાબતો પર બિલકુલ જી.એસ.ટી. નહીં લગાડવા ભારપૂર્વક રજુઆતો કરવામાં આવી હતી. સાથે સાથે કૃષિ ધિરાણ પર કેન્દ્ર સરકાર દ્વારા ૩% વ્યાજ વળતર સહાયના રાજ્યની સહકારી બંકો સહિતના ૫૮૫ કરોડ રૂા. જેટલા દાવાઓની ચૂકવણી પણ તત્કાલ કરવા તેમજ પ્રતિવર્ષ આ દાવાઓની ચૂકવણીમાં થતા વિલંબના કારણે ઉભી થતી પરિસ્થિતીની અસરો વિગેરે અંગે ચર્ચા કરી પ્રતિ વર્ષ સમય મર્યાદામાં જ આ રકમો ચૂકવી આપા તેમજ દાવા ચૂકવણીની પ્રક્રિયાને ઝડપી નબાવવા પણ સૂચનો કરવામાં આવેલ જેની નોંધ લેવામાં આવી હતી.

- **તા.૨૨ અને ૨૩ ના રોજ પ્રતિનિધિ મંડળ દ્વારા ભારત સરકારના મા. મંત્રીશ્રી અર્જુન રામ મેઘવાલજી (નાણાં), મા. પરષોત્તમભાઈ રુપાલાજી (કૃષિ), મા. મનસુખભાઈ માંડવીયા, (માર્ગ - પરિવહન), સમક્ષ રજુઆત.**
- **પ્રતિનિધિ મંડળમાં મા. બદ્રીનારાયણ ચૌધરી, રાષ્ટ્રીય મહામંત્રી, શ્રી મગનભાઈ પટેલ, રા. કાર્ય. સભ્ય, શ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા, પ્રદેશ અધ્યક્ષ તથા બી.કે. પટેલ પ્રદેશ મહામંત્રી સામેલ.**

ચર્ચા દરમ્યાન અધિકારીશ્રીઓએ એવી પણ માહિતી આપેલ કે કેન્દ્ર સરકાર દ્વારા ભલે ચૂકવણીમાં વિલંબ થાય પરંતુ બેંકોએ તો કિસાનોને તો વળતર આપી દેવાનું થાય છે. બેઠકમાં ખૂબ જ મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. ઉક્ત બંને વિષયોની રજુઆતો અંગે વિશેષમાં રૂબરૂ પત્ર દ્વારા મા. અરૂણ જેટલીજી નાણાં મંત્રાલય મંત્રીશ્રી, મા. રાધા મોહનસિંધજી કૃષિ મંત્રાલય મંત્રીશ્રી તથા મા. અમિતભાઈ શાહ, અધ્યક્ષ ભાજપ અને રાજ્ય સભાના સભ્યશ્રીના સચિવશ્રીને પણ રજુઆતો કરવામાં આવી હતી.

## ખેડૂતો સરકારથી નારાજ ન થાય એ માટે પાક વીમાની વિસંગતતા દૂર કરો.

### જૂનાગઢ જિલ્લા ભા. કિ.સંઘું મુખ્યમંત્રીને આવેદન...

હાલમાં ગામડામાં ખેડૂતો પાક વીમાની કામગિરીથી નારાજ છે. આવનાર સમયમાં ખેડૂતો સરકારથી નારાજ ન થાય એ માટે પાક વીમાની વિસંગતતા દૂર કરવાની માંગણી ભારતીય કિસાન સંઘનાં જિલ્લા પ્રમુખે ઉઠાવી છે. ભારતીય કિસાન સંઘનાં જિલ્લા પ્રમુખ મનસુખભાઈ પટોળિયાએ મુખ્યમંત્રીને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, ગત વર્ષે ક્રોપ કટીંગની જે કામગિરી વીમા કંપની અને ખેતીવાડી ખાતા દ્વારા થઈ હતી તેનું રેકર્ડ ચકાસવામાં આવે તો જિલ્લામાં ઘણાં બધા ગામોને વીમો ચૂકવવાપાત્ર છે. જે તે સમયે અમુક ગામોમાં ક્રોપ કટીંગ સમયસર ન થતાં ખેડૂતોએ પોતાનો પાક ખેતરમાંથી કાઢી નાંખ્યો હતો. ત્યારબાદ ક્રોપ કટીંગ કરવા ખેતી વાડી ખાતાએ કામગિરી હાથ ધરી હતી. જેને લીધે ગણા ગામોમાં ક્રોપ કટીંગની કામગિરી સમયસર ન તથા એ ગામોને પણ પાક વીમાની રકમ નથી મળી. નિયમ મુજબ ક્રોપ કટીંગ સમયસર ન થાય તો વીમા કંપની જવાબદાર હોય છે. ખેડૂતો પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના હેઠળ બેંકમાંથી ધિરાણ લે ત્યારે જ વીમાનું પ્રિમીયમ લેવાય છે. તમામ ખેડૂતોને વીમાનું પ્રિમીયમ ભરવાનું ફરજીયાત બનાવાયું છે. આથી દરેક ખેડૂતનાં ખેતરમાં ક્રોપ કટીંગ થવું જોઈે. આ સંજોગોમાં પાક બળી જાય, ન ઉગે, પલળી જાય અથવા રોગ - જીવાતથી ફેઈલ થાય તો વીમાને પાત્ર છે. આમ છતાં મુંડાની જીવાતને લીધે મગફળીનો પાક ફેઈલ થયો છે. અને સર્વેની કામગિરી થવા છતાં વીમો મળતો નથી. જૂનાગઢ જિલ્લાનાં ૯ તાલુકાનાં ખેડૂતોને તાત્કાલિક વીમાની રકમ ચૂકવવાની માંગણી પણ અંતમાં કરાઈ છે.

## ખેડૂતો પાક કાઢવા માંડ્યા છતાં મુંડાના સર્વેમાં ઠાગા-ઠૈયા કરતું સરકારી તંત્ર

સમગ્ર સૌરાષ્ટ્રમાં જૂનાગઢ જિલ્લામાં સૌતી વધુ વવાતા મગફળીના પાકમાં મુંડાનો ઉપદ્રવ વ્યાપક બનવા માંડ્યો છે. સરકારે પરિપત્ર કરી દીધો હોવા છતાં પાક વિમા ંદર્ભે ક્રોપ કટીંગ અને સર્વે કરવામાં સ્થાનિક સરકારી તંત્ર ઠાગાઠૈયા કરી રહ્યું હોવાના આક્ષેપ સાથે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગણી કિસાન સંઘ દ્વારા કરવામાં આવી છે.

જૂનાગઢ જિલ્લામાં મુંડાના ઉપદ્રવથી કોઈ પણ ખેડૂતો પાક કાઢી નાખતાં પહેલા મામલતદારને લેખિત રજુઆત કરી રોજકામ કરાવી ફોટા પાડી પાકવિમાનુંવળતર માંગવા અનુરોધ કરતા જિલ્લા ભારતીય કિસાન સંઘના પ્રમુખ મનસુખભાઈ

અનુ. પાના ૫ પર...

# ચીનનો 'પડકાર' અને આપણું કર્તવ્ય

• સ્વદેશી જાગરણમંચ : સતીશકુમાર • ગુજરાતી અનુવાદ : ડૉ. દીપક ભાનુશંકર ભટ્ટ

**સ્વદેશી જાગરણ અને એની આવશ્યક્તાઃ**

આ સ્વદેશી આંદોલનમાં આખુય ભારત એકમત રહ્યું. સ્વદેશી આંદોલનને આ 'ચાઈનીઝ' વાળા વિષયમાં મોટી સફલતા મળી છે એનું કારણ શું છે ? સ્વદેશી જાગરણ મંચ દ્વારા શરૂ થયેલું આ અભિયાન તે બીજું કંઈ એ (સફળતાના)ના કેટલાકબીજા કારણો પણ છે. કેમકે કોઈપણ આંદોલન એણને એમ નથી જાગતું. એના આર્થિક, સામાજિક, સુરક્ષાત્મક એવા અનેક કારણો હોય છે. સ્વદેશી જાગરણ મંચ તો ઘણાં વર્ષોથી આ વિષય પર સતત કામ કરી રહ્યું છે. લોક-જુવાળ આ વ ર્ષે જ ઊઠ્યો તેનું એક મોટું કારણ એ હતું કે ઉંડી (જમ્મુ-કાશ્મીર)ની આતંકવાદી ઘટના પછી ચીની સરકરાનું જે વ્કતવ્ય આવ્યું અને જે રીતે પાકીસ્તાની સરકાર ને આતંકવાદીઓને એમણે સમર્થન આપ્યું, એનાથી ભારત વિરોધનું ચીનનું મંતવ્ય સ્પષ્ટ થઈ ગયું. એન.એસ.જી. માં ભારતની સદસ્યતા - સભ્યપદનો ચીન પહેલેથી જ વિરોધ કરે છે. ચીન કે પાકિસ્તાનને ભારતની સદસ્યતાથી કોઈ નુકશાન નથી છતાં પણ એ વિરોધ કરે છે. ચીનના આવા વિરોધી અભિગમને કારણએ લોકોના મનમાં ચીન માટે જે નારાજગીનો ભાવ હતો. તે જન આંદોલનમાં બદલાઈ ગયો.

**ભારત અને ચીનનો વ્યાપારિક સંબંધઃ ભારે ખાધ, મોટુ આર્થિક સંકટ !**

સુરક્ષા સંબંધી વિષયોને બાદ કરીએ તો ચીનની સાથે આપણી વ્યાપારીક સ્થિતિ શું છે ? હાલ ભારતનો ૧૯૦ દેશો સાથે વ્યાપારી સંબંધ છે. ભારતનો કુલ આંતરરાષ્ટ્રીય વ્યાપાર ૬૪૦ અરબ ડૉલરનો છે. એમાં નિકાસ ૨૬૧.૧ બિલિયન ડૉલર અનએ આયાત ૩૭૯.૬ બિલિયન ડૉલર છે. ૨૦૫-૧૬માં ભારતના આંતરરાષ્ટ્રીય વેપારમાં ૧૧૮.૫ બિલિયન ડૉલરની ખાદ્ય (આયાત - નિકાસ = ખાદ્ય) આવી ભારતને દર વર્ષે થતી ખાદ્યના કારણઓને સમજવા જેવા એ આ ખાદ્ય દર વર્ષે વધતી કેમ જાય છે ? વેપાર કરવાનો હોય છે લાભ માટે, તો એવા કયા કારણો, કઈ નીતિઓ છે સરકારની કે, જેનાથી આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં નિરંતર ખાદ્ય આવે છે. કેમ કે નીતિઓ તો એ જ ચાલે છે, જે પહેલાની સરકારોની હતી ! તો આપણા ૬૪૦ બિલિયન ડૉલરના કુલ વેપારમાંથી આપણને ૧૧૮.૫ બિલિયન ડૉલરની વપારમાં ખાદ્ય જાય છે. એણાં પણ ડૉલરના કુલ વેપારમાંથી આપણને ૧૧૮.૫ બિલિયન ડૉલરની વેપારમાં ખાદ્ય જાય છે. એમાં પણ મોટી વાત એ છે કે વેપાર સંબંધી નીતિઓમાં પણ કોઈ મોટો ફેરફાર નથી થયો. નિકાસ વધતી જાણાતી નથી. ચાયનીઝ આયાત વધવાથી આપણી ફેક્ટરીઓ બંધ થઈ રહી છે. એનાથી બેકારી બેરોજગારી વધી રહી છે.

આપણી સૌથી મોટી આયાત પેટ્રોલિયમ ઉત્પાદનોની છે અને કાચા તેલની છે. આ સમયમાં આંતરરાષ્ટ્રીય બજારોમાં પેટ્રોલની કિંમત બહુ ઓછી છે. લગભગ ૪૨ ડોલર પ્રતિ બેરલ છે. ભારત સહુથી વધારે પેટ્રોલીયમની આયાત કરે છે, જે કુલ આયાતના ૨૬ ટકા છે. અને આ પેટ્રોલીયમ પેદાશોમાંથી કશુંય ચીનથી નથી આવતું. રશિયા, આફ્રિકા, નાઈઝીરિયા, વગેરેથી આવે છે એટલે ભારતીય આયાતનો મટો ભાગ અન્ય દેશો સાથે છે, ચીનથી નથી, છતાં પણ ચીન સાથેની આપણી વ્યાપારીક ખાદ્ય ૫૨.૮ બિલિયન છે, એટલે કે કુલ ખાદ્યના લગભગ ૪૪ ટકા ૨૦૧૫-૧૬માં ચીન સાથે ભારતે કુલ વેપાર કર્યો ૭૧.૬ બિલિયન ડૉલરનું આપણે નિકાસ કર્યું છે. ને એમાંય મોટેભાગે કાચોમાલ છે. જેવા કે કુલ નિકાસના ૫૨ ટકા તો લોહકણ, તાબું અને ૨જ છે. આ આંકડા હું ૨૦૧૫-૧૬ના આપી રહ્યો છું જે ભારત સરકારના વાણિજય મંત્રાલયના છે. આ આંકડા એટલે માટે જરૂરી છે કે આજે આંદોલન છે અને સમજવા માટે વ્યાપારકી અસંતુલન સમજવું જરૂરી છે. આપણો કુલ વ્યાપારકી ખાદ્યમાંથી ૪૪ ટકા ખાદ્ય એકલા ચીનથી જ થઈ રહી છે, અને જો પેટ્રોલિયમ પેદાશોને અલગ કરી દઈએ કેમકે પેટ્રોલિયમ પેદાશોમાં (ક્રુડ-ઓઈલ) આપણે ચીનથી કશું જ આયાત નથી કરતાં, ચીન પણ પોતાને માટે ઓઈલ બહારથી આયાત કરે છે. તો લગભગ ૬૦-૭૦ ટકા ખાદ્ય માત્ર ચીનથી જ છે, હમણાં આપણો સૌથી મોટો ટ્રેડ પાર્ટનર ચીન થઈ ગયું છે. બીજા પર અમેરિકા છે. જાપાન તો ૧૫માં નંબરે છે. એટલે કે આપણું બજાર ચીન ઉપર વધુ નિર્ભર થઈ ગયું છે. ચીનથી થયેલી ખાદ્ય જો રૂપિયામાં બતાવવી હોય તો ૩૫૫૬ અરબર રૂપિયા વાર્ષિક ખાદ્ય છે. એનો સામાન્ય ભાષામાં અર્થ છે કે ૩૫૫૬ અરબ રૂપિયા આપણે દર વર્ષે ચીનને આપી રહ્યા છીએ. ઓહ ! આલું તો આપણએ કદાચ આઝાદી પહેલા આપણએ ઈંગ્લેન્ડ માટે પણ નહોતા કરતા, આ શું કરી રહ્યા છીએ આપણે !

જો ચીન સાથે આપણી મિત્રતાના સંબંધ હોય તો પણ આ વેપાર બાબતે આખા દેશે ચિંતિત થવાની જરૂરી છે. જાપાન ઈન્ટરનેશનલ કોમ્યુનિટિમાં આપણએ એક મિત્ર દેશ છે. જો આપણી વ્યાપારીક ખાદ્ય જાપાન સાથે પણ થઈ જાય, રશિયા સાથે થઈ જાય તો પણ ચિંતા થવાનું કારણ છે તો ચીન સાથે તો કુટનીતિક સંબંધ અને સુરક્ષા ચિંતાઓ બહુ જ અલગ પ્રકારની છે બહુ જ મોટી છે. આ બંને કારણોથી અને ઐતિહાસિક કારણઓથી પણ આંતર - રાષ્ટ્રીય સ્તલ પર આ સમયે ચીનનું જે સ્તર છે, જે વ્યાવહાર છે એ નાતે પણ આ ચિંતા બહુ મોટી છે.

ચીનથી ભારતમાં જે આયાત થઈ રહ્યું છે, તેમાં માત્ર ઈલેક્ટ્રોનિક સામાન જેવા કે વીજળીક ઉપકરણો, મોબાઈલ વગેરે મળીને ૧૯.૮ બિલિયન ડૉલર (૨૮ ટકા) છે અને મશીનોની આયાત ૧૦.૬ બિલિયન ડોલર છે.

ક્રમશ :

## જૂનાગઢ કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકો જણાવે છે ઉપાયો...

# મગફળીમાં મુંડા અને કપાસમાં ગુલાબી ઈયળોનું નિયંત્રણ કેવી રીતે કરવું ?

## *શરૂઆતના તબક્કે જાગૃતિ દાખવી યોગ્ય પગલા લેનાર ખેડૂતોને કોઈ મુશ્કેલી નથી !*

સૌરાષ્ટ્રના ખરીફ સિઝનના બે મુખ્ય પાક કપાસ અને મગફળીમાં આવેલા ગુલાબી ઈયળો અને મુંડાથી ખેડૂતોાં ભયનું વાતાવરણ પેદા થવા માંડ્યુ છે. તેવી સ્થિતિ વચ્ચે જો સમયસર યોગ્ય પગલા લેવામાં આવે તો આ બન્નેનું અસરકારક નિયંત્રણ થઈ શકે છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો સ્પષ્ટ અભિપ્રાય આપતા જણાવે છે કે, સરૂઆતના તબક્કે જાગૃતિ દાખવીને સમયસર યોગ્ય પગલા લેનાર ખેડૂતોને કોઈ મૂશ્કેલી નથી.

મગફળીના પાકમાં હાલમાં મુંડાનો ઉપદ્રવ જોવા મળી રહ્યો હોવાનું સ્વિકારતા જૂ.કૃ.યુ. ના તેલિબીયા સંશોધન કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક ડૉ. કે. એલ. ડોબરિયા જણાવે છે કે, કાળજી લેવાના શરૂઆતના તબક્કા હો હવે જતા રહ્યા છે. હાલના સમયમાં મુંડાના નિયંત્રણ માટે જો તિવ્ર હુમલો જણાય તો કલોરપાયરીફોસ દવા પ્રતિ હેક્ટર ચાર લીટર પ્રમાણે પિયતની સાથે આપવી. ક્યાંક ક્યાંક મુંડા દેથાકા હોય તો પ્રતિ પમ્પ દીઠ ૨૫ થી ૩૦ મીલી ક્લોરપાયરીફોસ મેળવી નોઝલ કાઢી આપવાથી અસરકારક નિયંત્રણ આવશે. જ્યારે કપાસમાં આવેલી ગુલાબી ઈયળોના નિયંત્રણ અંગે કપાસ સંશોધન કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક ડૉ. એલ.કે. ધડુક કહે છે કે, ઓગસ્ટ માસથી હેક્ટરે ૪૦ ફેરોમેનટ્રેપ અવશ્ય ગોઠવવા જોઈ. રાત્રિના સમયે પ્રકાશ પિંજર ગોઠવી ગુલાબી ઈયળના પુખ્તનો નાખ કરવો, અઠવાડિયામાં બે વખત લીલી ફુડદી પ્રતિહેક્ટર ૧૦ હજાર લેખે છોડવી. કપાસ ૬૦ થી ૬૫ દિવસનો થાય ત્યારે ડેલ્ટામેથીન ૧ ટંકા અને ટ્રાયઝોફોસ ૩૫ ટકા ઈસી ૧૦ મીલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. કપાસ ૯૦ થી ૧૨૦ દિવસનો થાય ત્યારે ફ્લ્યુબેન્ડીમાઈડ ૪૮૦ એમસી ૧૨૫ મીલી પ્રતિ હેક્ટર ૪ મીલી ૧૦ લીટર પાણીમાં અથવા સ્પિનોસાડ ૪૫ ટકા એસી ૩ મીલી, ૧૦ લીટર પાણી અથવા ફેનવેલેરેટ ૨૦ ટકા ઈસી ૭.૫ મીલી ૧૦ લીટર પાણીમાં ઓગાળીને છંટકાવ કરવો. આવા પગલા લેવાથી ગુલાબી ઈયળનું અસરકારક નિયંત્રણ આવશે.

### ગત વર્ષે ફક્ત ૧૫ ટકા ખેડૂતોએ ફેરોમેન ટ્રેપ મૂક્યા હતા....!

કપાસમાં ગુલાબી ઈયળ આવતી રોકવા માટે ફેરોમેન ટ્રેપ સૌથી વધુ મહત્વની ભૂમિકા અદા કરે છે. ડૉ. ધડુક કહે છે કે ગત વર્ષે ફક્ત ૧૦ થી ૧૫ ટકા ખેડૂતોએ જ ફેરોમેન ટ્રેપ ગોઠવ્યા હતાં. તેમાંથી પણ ૫ ટકા જેટલા ખેડૂતોની પદ્ધતિ અયોગ્ય હતી. .સરકાર સબસીડી પણ આપતી હોવા છતાં ખેડૂતોમાં જાગૃતિનો અભાવ છે.

### શેઢા-પાળે સાંઠીના ઢગલા કરવા નહીં

ગુલાબી ઈયળોનું મૂળ ખેતરના શેઢા - પળે કરવામાં આવતા સાંઠીના ઢગલામાં હોય છે. સૌરાષ્ટ્રના મોટાભાગના ખેડૂતો કપાસ થયા બાદ તેની સાંઠીના ઢગલા ખેતરના શેઢા - પાળે કરી દેતા હોય છે ત્યારે આવી ગંભીર ભુલ કરવાના બદલે ખેડૂતોએ સાંઠીનો તરત જ યોગ્ય નિકાલ કરવો જોઈએ.

## કિસાન સંદેશના અંકો નિયમીત ન મળવા અંગે

**'કિસાન સંદેશ' સાપ્તાહિકના અંકો ક્યારેક નહીં મળવાની ફરીયાદો મળે છે તે અંગે સવિનય જણાવવાનું કે ગાંધીનગર કાર્યાલયથી દર સોમવારે તમામ ૩૪ જિલ્લા સહ અલગ પેપર કરીને કોમ્પ્યુટરાઈઝડ રીતે તમામ ગ્રાહકોની સ્લીપ બનાવીને ચોકસાઈ પૂર્ણ રીતે અંકોની રવાનગી કરવામાં આવે છે. જેથી કોઈ મુશ્કેલી પડે નહિં પરંતુ આપને અંક ન મળવાના સંજોગોમાં નીચેના ફોન પર સંપર્ક કરી ધ્યાન દોરવા વિનંતી છે. બીજા તરફ ઘણાં ગામોમાં ટપાલીની અનિયમીતતાઓ પણ ધ્યાન આવેલ છે. તમામ પોસ્ટમેનોએ દરરોજ કેટલી ટપાલ વિતરણ કરી તેનું રજીસ્ટર રાખી રોજ ગામમાંથી કોઈ એક વ્યક્તિની સહી પણ લેવાની હોય છે. તો આપણે તેની પુછપરછ કરીએ અને તેની નિયમીતતા માટે પણ પુછપરછ કરીએ. ફોન નં. ૦૭૯-૨૩૨ ૨૪૯૧૬, મો. ૯૯૦૯૦ ૦૦૨૧૪. આપ ગ્રાહકના સ્લીપ (રેપર) ઉપર આપનું લવાજમ પૂર્ણ થવાની છેલ્લી તારીખ છાપવામાં આવે છે. તે પહેલા નજીકના એજન્ટે રૂા.૨૦૦ના મનીઓર્ડર દ્વારા લવાજમ આગોતરૂ ભરી આપના અંકની નિયમીતતા કરવા પણ વિજ્ઞપ્તી સહ...**

# ધોળી મુસળી, કુંવારપાઠુ, જ્યોટ્રોફા, આંબળા, બોર, ડ્રેગન ફ્રુટની ખેતી કોન્ટ્રાક્ટ ફાર્મિંગથી કરવી....

સૌરાષ્ટ્રમાં સમયે સમયે કોઈ રોપા વેચવનારા કે ઔષધી પાકો વવરાવીને ખેડૂતને લાખોપતિ થવાના સપના દેખાડાતા હોય છે. આશરે ૨૫ વરસ પહેલા સૌરાષ્ટ્રમાં પરંપરાગત પાકો ઘઉં, મગફળી, લસણ, ડુંગળી, તલ, બાજરી, જુવાર, કપાસ, મમરચા, ધાણઆ, જીરુ, મગ, અડદ, ચણા જેવા રોજીંદી વપરાશમાં આવતા પાકો જ વવાતા હતા. સમય જતા નર્સરીમાં રોપા તૈયાર કરનારા અને તેમાંથી વેપાર કરી લેવાના ઈરાદે સૌરાષ્ટ્રના ખેડૂતોને લાખોપતિ થવાની લાલચ બતાવીને આવા લોકો રોપાનો વેપાર કરી લેતા હોય છે. પછી ખેડૂતની કેવી દશા થાય છે તેની વાત કરતા ભારતીય કિસાન સંઘના પ્રદેશ પ્રમુખ વિઠ્ઠલભાઈ દુધાત્રા (મો. ૮૧૪૦૬ ૨૨૮૭૪) જણઆવે છે કે, આપણે ત્યાં વરસો પહેલા અમુક લોકો સૌરાષ્ટ્રમાં આવીને ખેડૂતનો ધોળી મુસળીનું વાવેતર કરાવી ગયા હતા. તેમાં ખેડૂતને ખુબ આંબા - આંબલી બતાડવામાં આવ્યા હતા. તેમજ તેનો ઉપયોગ ઔષધીમાં ખુબ મોટા પ્રમાણમાં થાય છે અને લાખો રૂપિયા ઉપજશે તેવું ખેડૂતોને કહેવામાં આવતું હતું. આવી લોભામણી વાતોથી અનેક ખેડૂતોએ ધોળી મુસળીનું વાવેતર કર્યું અને પછી તે ખેડૂતો તો નથી વાવતા પણ આજ ધોળી મુસળીનું કોઈ નામ લેવા પણ તૈયાર નથી. ત્યાર પછી જન્મ થયો જ્યોટ્રોફા, કુંવારપાઠું, એપલ બોર, આંબળા, દાડમ અને હવે આવ્યું છે ડ્રેગનફ્રૂટ, આ બધાજ બાગાયતી પાકોમાં ખેડૂતને ક્યાંય સફળતા મળી નથી.



વિઠ્ઠલભાઇ દુધાત્રા (મો.૮૧૪૦૬ ૨૨૮૭૪)

**ખેડૂતોને ભરમાવવામાં આવે છે :**

કુંવારપાઠાની ખેતીમાં ખેડૂતોને રોપા વેચવાનારાઓએ ભરમાવીને વાવેતર તો કરાવી દીધુ પણ ત્યાર પછી કોઈ ખેડૂતનું કુવારપાઠું ખરીદવા આવ્યું નથી એ પછીથી કોઈ ખેડૂત કુંવારપાઠાની ખેતી પણ કરવા રાજી નથી. છતાં પણ કોઈક અનુભવી અને આગવી કોઠાસૂઝ ધરાવતા ખેડૂત વાવતા હોય છે. તની વધુ વિગત આપતા ભારતીય કિસાન સંઘના પ્રદેશ સદસ્ય ઉકાભાઈ પટોળીયા (મો.૯૪૨૮૩૭૮૩૦૯) જણાવે છે કે, મને એક કંપનીએ કુંવારપાઠાનું વાવેતર કરવાનું કહ્યું હતું અને તેની ખરીદી પણ કંપની કરી લેશે તેવી વાત કરવામાં આવી હતી. પણ અમે કંપની સાથે કરાર કરવા કરતા અમારા જોખમે વાવેતર કર્યુ છે. જે રોપા અમે જયપુરથી લાવીને બિલખા વિસ્તારમાં આશરે ૫૦ વીઘાનું વાવેતર કર્યું છે. લાંબે ગાળે તેનું પ્રોસેસ કરીને બજાર ઉભી કરવું છે તેવું આયોજન કરીએ છીએ. જ્યોટ્રાફામાં ખેડૂતને તો ડિઝલ નીકળશે તેવું કહીને રોપા પધરાવી દીધા હતા. આજે તમે ક્યાંય સાંભળ્યુ છે કે, જ્યોટ્રાફાના બીજમાંથી ડિઝલ બનીને તમારા વાહનમાં ચાલવા લાગ્યું છે.

**સારા ભાવ ખેડૂતો પોતાની રીતે માર્કેટ ઉભી કરવું પડે :**

આવી રીતે એપલ બોર માર્કેટમાં આવ્યા અને ખેડૂત ઉંચા ભાવ જોઈને લલચાઈને વાવેતર કરવા લાગ્યો. તેમા ખેડૂત કેવી રીતે નિષ્ફળ ગયો તેની જાણકારી આપતા વેપારીઓ જણઆવે છે કે, એપલ બોરની ખેતી જો ભાવ ભાળીને કરતા હોવ તો ક્યારેય વિચારતા નહીં. કારણ કે રાજકોટની ફ્રુટ માર્કેટમાં એપલ બોર ૪ થી ૧૪ રૂપિયો વેચાય છે અને તે જ બોર છુટક બજારમાં ૪૦ થી ૫૦ રૂપિયામાં વેચાતા હોય છે. આમાં ખેડૂતને શું મળશે ? હાં, એક વિકલ્પ છે, જો ખેડૂત પોતે જ પોતાની રીતે માર્કેટ ઉભી કરે તો સારા ભાવ મળવા સંભવ છે. તેની સામે ક્વોલીટી માલનું ઉત્પાદન કરવુ ખુબ જરૂરી છે. આવી હાલત આંબળાની ખેતી કરતા ખેડૂતોની પણ થઈ હતી.

**ડ્રેગનફ્રૂટનો ભ્રામક પ્રચાર થઈ રહ્યો છે :**

હવે સૌરાષ્ટ્રમાં એક નવું નામ આવ્યું છે ડ્રેગન ફ્રુટનું જેમાં કોઈ એકલ દોકલ ખેડૂત વાવે અને પોતેજ તેનું માર્કેટ કરે તો જ તેમાં કમાણી થઈ શકે. આજે ડ્રેગન ફ્રુટને ઓષધી ગણાવવામાં આવે છે અને તેનો ભ્રામક પ્રચાર કરવામાં આવી રહ્યો છે. કે, ડ્રેગન ફ્રૂટ ઘાવાથી લોહી શુદ્ધ થાય છે. કિડનીની તકલીફવાળા દર્દીને તેનાથી ફાયદો થાય છે. જો આવી અલભ્ય ઓષધી હોય તો કેમ કોઈ આયુર્વેદના નિષ્ણાંતો બતાવતા નથી. અત્યારે સૌરાષ્ટ્રમાં અનેક ખેતરોમાં દાડમના વાવેતર જોવા મળી રહ્યા છે. તેમા મોટાભાગના ખેડૂતો કશુ જ કમાયા નથી, અને અનેક ખેડૂતોએ તો તે કાઢવા પણ શરૂ કરી દીધા છે. તેના અનેક કારણો છે, પરંતુ બગસરા તાલુકાની આસપાસ આશરે ૫૦૦ વીઘામાં દાડમનો કોન્ટ્રાક્ટ ફાર્મિંગથી ખેડૂતોએ કંપની સાથે કરાર કરીને વાવેતર કર્યું છે. આવા ખેડૂતોને કોઈ મુશ્કેલી નથી. જે ખેડૂતોને પોતાના જોખમે દાડમની ખેતી કરી છે, તેવા ખેડૂતો આજે મુશ્કેલી અનુભવી રહ્યા છે.



ઉકાભાઇ પટોળીયા (મો.૯૪૨૮૩ ૭૮૩૦૯)

**અવનવું વાવેતર કોન્ટ્રાક્ટ ફાર્મિંગથી કરવું જોઈએ :**

ઉપરના દરેક વિષ્યને ટાંકીને એટલા માટે ઉલ્લેખ કર્યો છે કે, આવી અવનવી ખેતી કરવી હોય તો ખેડૂતોએ કોઈ કંપની સાથે કરાર કરીને કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કર્યા વગર અખતરો કરતા પહેલા સો વાર વિચાર કરીને અમલ કરવો જોઈ. જે વ્યક્તિ તમને રોપા વેચવા આવે ત્યારે જો એમ કહેતા હોય કે આ પ્રકારના વાવેતરથી તમને વરસે આટલા લાખની કમાણી થશે તો તમારે તેમને એક જ સીધો સાદો સવાર પુછવો કે, જો આવડી મોટી કમાણી થતી હોય તો તમે જ અમારી ખેતીને કોન્ટ્રાક્ટ ફાર્મિંગથી વાવેતર કરી અને તમે જ તેમાંથી લાખો નહીં પણ કરોડો કમાજો. અમને વરસે દહાડે વીઘે માત્ર ૫૦ થી ૬૦ હજાર રૂપિયા જ આપજો. જો તે વ્યક્તિ સહમત થાય તો તમારે આગળ વધુ જોઈએ નહીંતર તે વાત ઉપર પુર્ણ વિરામ મુકી દેવુ જોઈએ.

# ખેડૂતોના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લામાં બેઠક મળી

પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાની ખેડૂતોને માહિતી આપવામાં આવી નથી.ભારતીય કિસાન સંઘ, કચ્છના ભુજ મધ્યે આવેલ કાર્યાલય ખાતે ખેડૂતોની બેઠક મળી હતી. જેમાં ખેડૂતોના વિવિધ પ્રશ્નો સાંભળવામાં સાંભળવામાં આવ્યા હતા અને આ પ્રશ્નો અંગે ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી તેમજ ટૂંક સમયમાં ખેડૂતોના પ્રશ્નો અંગે જે - તે કચેરી, સંબંધિત અધિકારી તેમજ ગાંધીનગર સુધી રજૂઆત કરવામાં આવશે.

પીજીવીસીએલ દ્વારા કેડૂતોના સમયસર કામ કરવામાં આવતા નથી તેમજ માલ - મટીરીયલની પણ અછત હોવાના કારમએ ખેડૂતોના ઘણઆ કામ અધુરા રહી જાય છે જે માલ - મટીરીયલ છે તે પણ હલકી ગુણવત્તાવાળા હોય છે.



જિલ્લામાં રિ - સર્વેની જે કામગીરી થઈ છે જે ધીમી ગતિએ થઈ છે તેમાં પણ ઘણી બધી ભૂલો જોવા મળી રહી છે જે ભૂલો સુધારવા માટે ખેડૂતોને ધરમના ધક્કા ખાવાનો વારો આવ્યો છે. ખાસ કરીને પ્રધાનમંત્રી દ્વારા ખેડૂતો માટે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના બનાવવામાં આવી છે, પરંતુ આ અંગે ખેડૂતોને પુરતી માહિતી પણ આપવામાં આવી નથી. જેમ કે, ખેડૂતોએ પાક વીમો કેવી રીતે પકવવો ? ખેડૂતોને પોલીસી કેવી રીતે અને કોની પાસેથી મળશે ? ખેડૂતોના વીમા પ્રિમિયમના રૂપિયા સીધા બેંગમાંથી કપાઈ જાય છે. ખેડૂતો પાસે માહિતી ન હોવાના કારણએ આ વીમા યોજનાનો લાભ ખેડૂતોને નહીં પણ વીમા કંપનીને થશે. ખેડૂતોને ઓનલાઈન અરજી કરવા આઈ ખેડૂત પોર્ટલ વેબસાઈટ કાયમી ધોરણે ચાલુ રાખવી તેમજ ખેતી કામમાં વપરાતી ચીજ વસ્તુઓ તથા સાધન સામગ્રીમાં જીએસટી લગાવવામાં આવ્યું છે તે તત્લાક ધોરણએ દૂર કરવું જોઈએ.

આ બધી સમસ્યાઓના નિરાકરણ માટે સંઘ દ્વારા જે તે કચેરી, અધિકારીઓ તેમજ જરૂરી પડ્યે ગાંધીનગર સુધી ટૂંક સમયમાં રજૂઆત કરવામાં આવશે. બેઠકમાં કચ્છ જિલ્લાના તમામ તાલુકાના પ્રમુખ, મંત્રી, કોષાધ્યક્ષ તેમજ જિલ્લાના સંયોજક અને સહસંયોજક ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન લક્ષ્મણભાઈ વરસાણીએ કર્યું હતું.

## શ્રધ્ધાંજલિ



**સ્વ.અંબાલાલ શામળદાસ પટેલ**
**સ્વ. તા. ૧૪-૮-૨૦૧૭**

ભારતીય કિસાન સંઘના સક્રિય કાર્યકર્તા
શ્રી હરિભાઈ પટેલ ના પિતાજી તથા
ગાંધીનગર જીલ્લાના પ્રદેશ પ્રતિનીધી
મધુબેન હરિભાઈના સસરાનું
દુ:ખદ અવસાન થયેલ છે.
મુકામ પાલૈયા, તા. દહેગામ,
જી. ગાંધીનગર
પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે
એજ પ્રાર્થના સહ વિનમ્ર શ્રધ્ધાંજલિ.

**પ્રદેશ પરિવાર વતી,**
**વિઠ્ઠલભાઈ દૂધાત્રા**

# મહારાષ્ટ્રમાં APMC ચૂંટણીમાં ખેડૂતોને મતદાનનો અધિકાર...

એપીએમસીની ચૂંટણીમાં ખેડૂતોને મતદાનનો અધિકાર આપવા માટે મહારાષ્ટ્ર સરકારે ખાસ બીલ પસાર કર્યું છે. જે મુજબ એપીએણસીમાં કૃષિ પેદાશોનું વેચાણ કરતા દરેક ખેડૂતને એપીએણસીની ચૂંણીમાં મતદાન કરવાનો અધિકાર મળશે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી એપીએમસીની ચૂંટણીમાં માત્ર



જે તે વિસ્તારની સહકારી મંડળીના સભ્યો તેમજ ગ્રામ પંચાયતના સભ્યો જ મતદાન કરી શકતા હતા. જ્યારે નવા સુધારા પ્રમાણે એપીએમસીમાં વેચાણ માટે આવતા એ વિસ્તારના તમામ ખેડૂતો એપીએમસીની ચૂંટણીમાં મતદાન કરી શકે એ દિશામાં સરકારનું આયોજન છે. મહારાષ્ટ્રમાં ૩૦૦ થી વધુ એપીએમસી કાર્યરત છે. એપીએમસીએ ખેડૂતોની અને વેપારીઓની સંસ્થા છે. જોકે, દેશભરની મોટાભાગની એપીએમસીઓમાં પક્ષીય રાજકારણીઓનું જ વર્ચસ્વ જોવા મળી રહ્યું છે. કેન્દ્ર સરકાર પણ નવા મોડલ એપીએમસી એક્ટલ દ્વારા સમગ્ર કૃષિ પેદાશોની વેચાણ વ્યવસ્થામાં પરિવર્તન કરવા જઈ રહી છે. હાલ દેશમાં વર્ષ ૧૯૬૦માં બનેલો એપીએમસી એક્ટ અમલી છે.

# ગુજરાતમાં ૯૩ ટકા ચોમાસુ વાવેતર પૂર્ણ : કપાસમાં ૧૩ ટકા વૃધ્ધિ

ગુજરાત સરકારના કૃષિ વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે તા. ૨૧ ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં ૭૯ લાખ હેક્ટર જમીનમાં ચોમાસુ વાવેતર પૂર્ણ થયુ છે. જે સામાન્ય વાવેતર વિસ્તારના ૯૩ ટકા જેટલુ થવા જાય છે. ગયા વર્ષની સરખામણી પ્રમાણે જોઈએ તો ગયા વર્ષે આ સમયે કપાસનું વાવેતર ૨૩.૬૫ લાખ હેક્ટરમાં નોંધાયુ હતું. જે આ વર્ષે ૧૩ ટકા વધીને ૨૬.૫૮ લાખ હેક્ટર



થયુ છે. જ્યારે મગફળીનું વાવેતર હાલ ૧૬.૨૫ લાખ હેક્ટર થયુ છે. જે ગયા વર્ષના ૧૬.૨૮ લાખ હેક્ટરની નજીક જ છે. એરંડાનું વાવેતર હાલ ૩ લાખ હેક્ટર જમીનમાં નોંધાયુ છે. જે ગયા વર્ષે આ સમયે ૩.૨૭ લાખ હેક્ટર હતું. આમ, એરંડાના વાવેતરમાં ૧૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ગયા વર્ષે આ સમયે તુવેરનું ૩.૨૩ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જે આ વર્ષે ૨૦ ટકા ઘટીને ૨.૬૫ લાખ હેક્ટર થયું છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## તુવેર બાદ મગ, અડદની આયાત પર નિયંત્રણ : ભાવમાં વધારો

સરકારે મગ અનએ અડદની આયાત પર નિયંત્રણ મુકી દીધા છે. જેમાં નાણાંકિય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન આ બન્ને કૃષિ પેદાશોની ૩ લાખ ટન સુધી જ આયાત થઈ શકશે. આ પહેલા સરકારે ગત તા. ૫ ઓગસ્ટે તુવેરની આયાત પર પણ આ રીતે નિયંત્રણ અમલી કર્યું હતું. જેમાં આ વર્ષ માટે ૨ લાખ ટન તુવેરની આયાતની મર્યાદા નક્કી કરવામાં આવી હતી. ગત વર્ષે દેશમાં તુવેર, મગ અને અડદનું વિક્રમજનક ઉત્પાદન થતા ભાવ તળિયે આવી ગયા હતા. આથી ભાવને વધુ ઘટતા અટકાવવા સરકારે આયાતની મર્યાદા અમલી કરી છે. વર્ષ ૧૯૭૭ બાદ પ્રથમ વખત સરકારે તુવેરની આયાત પર આ રીતે નિયંત્રણ મુક્યા છે. આયાતની મર્યાદા નક્કી થતા ભાવમાં ધીમો વધારો જોવા મળ્યો છે. આયાત ઉપર નિયંત્રણ આવતા કઠોળના ભાવમાં થોડા વધારો જોવા મળ્યો છે. જોકે, ભાવ હજુ પણ ટેકાના ભાવથી નીચે જ છે. બુધવારે રાજકોટ માર્કેટયાર્ડ ખાતે તુવેરના રૂા. ૬૭૫ થી રૂા. ૮૧૦ અને અડદના રૂા. ૭૦૦ થી રૂા. ૯૫૦ ભાવ જોવા મળ્યા હતા. જ્યારે જુનાગઢ માર્કેટયાર્ડ ખાતે તુવેરના રૂા. ૭૦૦ થી રૂા. ૮૬૦, અડદના રૂા. ૫૦૦ થી રૂા. ૧૧૬૯ અને મગના રૂા. ૬૫૦ થી ૮૭૮ ભાવ જોવા મળ્યા હતા.

## સૌરાષ્ટ્રમાં મેઘમહેર: હળવદમાં વીજળી સાથે કરા પડ્યા....

ઉપરની તસવીરમાં દેખાતો વીજળીનો ચમકારો હળવદ તાલુકાના રણજીતગઢ ગામના સ્વામિનારાણ ધામ ખાતેનો છે. ગયા અઠવાડિયે દરમિયાન રાજ્યનાં અનેક વિસ્તારોમાં ૧ થી લઈને ૬ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. વરસાદનું પ્રમાણ સૌરાષ્ટ્રમાં વધુ જોવા મળ્યું છે. હળવદ પંથકમાં આશરે ત્રણ



ઈંચ સુધી વરસાદ પડ્યો હોવાની માહિતી મળે છે જેમાં હળવદના સુંદરગઢ ગામમાં ગાજવીજ સાથે કરા પડ્યા હતા. જુનાગઢના માંગરોળમાં ૬ ઈંચ વરસાદ નોંદાયો છે. આ ઉપરાંત કોડિનાર, માણાવદર, ભેંસણ, ઉના, ખંભાળિયા સહિતના વિસ્તારોમાં પણ સારો વરસાદ થયો છે. મધ્ય ગુજરાતમાં દાહોદ અને છોટા ઉદેપુર જ્યારે દક્ષિણ ગુજરાતમાં ડાંગ, સુરત, સાપુતાર, નવસારી, આહવા સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં છુટાછવાયા ઝાપટા પડ્યા છે. રાજ્યમાં વીજળી પડવાથી બે વ્યક્તિઓના મોત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે.

## મોવીયાના યુવા ખેડૂતે બનાવ્યું દવા છંટકાવ કરતું બાઈક...

રાજકોટ જિલ્લાના મોવીયાના યુવા ખેડૂત મનીષભાઈ પટેલે પોતાની કોઠાસુઝના સહારે ખેડૂતોની દવા છંટકાવની સમસ્યાને હળવી કરી છે. મનીષભાઈ ખેતરમાં દવા છંટકાવનું ખાસ બાઈક બનાવે છે. જુના બાઈકને મોડિફાઈડ કરીને મનીષભાઈએ એક અનોખા કૃષિ ઓજારનું સર્જન કર્યું છે. માત્ર ધોરણ-૧૦ સુધી ભણેલા મનીષભાઈ હાલ આવા બાઈક બનાવીને એનું નાના પાયે ખેડૂતોને વેચાણ પણ કરી રહ્યા છે. જેમાં રૂા. ૧૦ હજારથી લઈને રૂા. ૨૦ હજારની કિંમતમાં વેચાણ કરવામાં આવે છે. મોવીયા વિસ્તારના ઘણાં ખેડૂતો મનીષભાઈ પાસેથી દવા છંટકાવના બાઈક ખરીદીને પ્રતિ વિઘા રૂા. ૪૦ પ્રમાણે ભાડેથી દવા છંટકાવનું કામ પણ અન્ય ખેડૂતોને કરી આપે છે. મનીષભાઈએ વિકસાવેલ આ બાઈક એક દિવસમાં અંદાજે ૧૦૦ વીઘા જમીનમાં દવાનો છંટકાવ કરી શકે છે. આ બાઈકની દવા છંટકવાની ટાંકીમાં એકસાથે ૫૦ લીટર દવા ભરી શકાય છે. આ બાઈક અંગેની વધુ માહિતી માટે મનીષભાઈનો મો. ૯૭૧૪૭ ૦૧૨૬૭ ઉપર સંપર્ક કરવો. મનીષભાઈના આ અનોખા બાઈક અંગેનો વિડિયો આપ એગ્રીસાયન્સ એપના એગ્રીસાન્ય ટીવી વિભાગમાં જઈને જોઈ શકો છો. ખેતીના અવનવા વિડિયો જોવા માટે અગ્રીસાયન્સના યુટબ્યુબ પેઈજને સબ્સક્રાઈબ કરો.





'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો

'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬


## વડાપ્રધાન મોદી પોતાના જન્મ દિસવે નર્મદા ડેમનું લોકાર્પણ કરશે.

વડાપ્રધાન મોદી આગામી તા. ૧૭ સપ્ટેમ્બરે પોતાના જન્મદિવસે નર્મદા ડેમનું લોકાર્પણ કરવામાં આવશે. બનાસકાંઠામાં આવેલ પૂરના કારણએ નર્મદા ડેમના લોકાર્પણનો કાર્યક્રમ મુલતવી રહ્યો હતો. નર્મદા ડેમના લોકાર્પણના કાર્યક્રમમાં અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમજ સાધુ સંતો પણ હાજર રહેશે. છેલ્લા બે દિવસથી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. મંગળવારે ધ્રોલ, ટંકારા, દાંતિવાડા સહિતના વિસ્તારોમાં સારો વરસાદ થયો હતો. વરસાદનું પ્રમાણ સૌરાષ્ટ્રમાં વધુ જોવા મળ્યુ છે. વરસાદના બીજા રાઉન્ડના કારણએ સૌરાષ્ટ્રના ૧૫ ડેમ ઓવરફ્લો થયા છે.

## બાગાયતી પાકોના વાયદા શરૂ કરવા કેન્દ્ર સરકાર દ્વારા હિલચાલ

કેન્દ્ર સરકાર બાગાયતી પાકોના વાયદા શરૂ કરે એવી શક્યતા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રથમ ચરણમાં કેરી તેમજ પાઈનેપલ જેવા બાગાયતી પાકોના વાયદો શરૂ થશે. આ બાદ અન્ય બાગાયતી પેદાશોમાં પણ વાયદાનો કારોબાર શરૂ કરવામાં આવશે. આ માટે સરકાર હસ્તકની એમએસટીસી લિમિટેડને જવાબદારી સોંપવામાં આવશે. આ પ્રકારના વાયદા માટે સેબીની મંજુરીની પણ જરૂર ન પડે એ દિશામાં આયોજન થઈ રહ્યું છે. વાયદા બદાર દ્વારા ખેડૂતો પોતાની કૃષિ પેદાશો તૈયાર થઈ હોય એના પહેલા વેચી શકે છે. જોકે, વાયદા બજારમાં ખેડૂતો કરતા સટ્ટાકિય તત્ત્વોનું વધુ વર્ચસ્વ જોવા મળી રહ્યું છે. આથી વાયદાના વેપારમાં સંપૂર્ણ પારદર્શકતા આવે તો જ એનો પુરો લાભ ખેડૂતોને મળે.

## તેજી : એરંડા રૂા. ૯૨૦ ને પાસ, ગવારમાં રૂા. ૭૨૦ની સપાટી

સપ્તાહના પ્રથમ દિવસે સોમવારે એરંડા અને ગવારમાં સાથે વેપાર થયો હતો. દ્રઝફઈઠ પર એરંડાનો સપ્ટેમ્બર વાયદો બે ટકાના વધારા સાથે રૂા. ૪૭૨૮ ની સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે હાજર બજારમાં પણ પ્રતિ મણ રૂા. ૨૫ ના વધારા સાથે વેપાર થયો હતો. જેમાં પાટણ માર્કેટયાર્ડમાં રૂા. ૮૭૫ થી રૂા. ૯૨૦, હારિજમાં રૂા ૮૮૦ થી રૂા.૯૨૧, પાલનપુરમાં રૂા. ૮૮૧ થી રૂા. ૯૧૧, વિસનગરમાં રૂા. ૮૬૫ થી રૂા. ૯૧૧, સિદ્ધપુરમાં રૂા. ૮૬૧ થી રૂા. ૯૧૯ની સપાટીએ એરંડામાં વેપાર થતો જોવા મળ્યો હતો. જ્યારે ગવારમાં પણ તેજીનો સિલસિલો યથાવત રહ્યો હતો અને દ્રઝફઈઠ પર ગવારસીડનો ઓક્ટોબર વાયદો સાડા ત્રણ ટકાના વધારો સાથે રૂા. ૪૦૭૩ની સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે હાજર બજારમાં પ્રતિ મણ સરેરાશ રૂા. ૨૦ના વધારા સાથે વેપાર થયો હતો. જેમાં રાધનપુર માર્કેટયાર્ડ માં રૂા. ૬૨૦ થી રૂા. ૭૩૨, હારિજમાં રૂા. ૬૮૦ થી રૂા. ૭૨૮, પાટણમાં રૂા. ૬૮૫ થી રૂા. ૭૧૫, હળવદમાં રૂા. ૬૭૦ થી રૂા. ૭૦૩ની સપાટીએ વેપાર થયો હતો.



ભારતીય કિસાન સંઘ દ્વારા સમગર્ રાજ્યમાં સરકારશ્રીના પરીપત્રનુંસાર દરમાસે તમામ તાલુકા મામલતદારશ્રી સાથે નિયમીત બેઠક કરવાનો પ્રારંભ તા. પાદરા, જિ. વોડદરાના જિલ્લા પ્રમુખશ્રી ઠાકોરભાઈ પટેલ, તથા જિલ્લા, તાલુકાના કાર્યકરો...

# તેલિબિયાંમા માત્ર રાજકોટમાં જ ઓછું કમિશન

રાજકોટ માર્કેટીગ યાર્ડના કમિશન એજન્ટોની હડતાળ બીજા દિવસે સજ્જડ રહી હતી સૌરાષ્ટ્રના મોટાભાગના યાર્ડોમા મગફળી અને કપાસ સમિવાયના તેલમિબિમયા પર ૧.૫૦ ટકો કમિશન ચૂકવાય છે એટલે એજન્ટોએ માગણી બુલદ બનાવી છે. કમિશન એજન્ટસ એસોસીએશનના અતુલભાઈ કમાણી કહે છે રાજકોટમાં મગફળી કપાસ તલ એરડા રાય રાયડો અને સીગફાડા તમામ પર ૧ ટકો જ કમિશન છે જ્યારે ગોડલ જામનગર જૂનાગઢ ભેસાણ અને વીસાવદર જેવા યાર્ડોમાં પણ ૧.૫૦ ટકો મગફળી અને કપાસને બાદ કરતા ચૂકવાય છે એ કારણે અમે પણ માગણી કરી રહ્યા છે માર્કેટીગ યાર્ડના સત્તાવાળાઓએ કમિશન એજન્ટો સાથે હજુ બેઠક કરી નથી એટલે બીજા દિવસ પણ કોઈ ઉકેલ હડતાળ આવ્યો ન હતો શુક્રવારે ગણેશ ચતુર્થીની રાજા આવી રહી છે એ કારણે ચાલુ સપ્તાહે હવે બે દિવસ બાકી રહે છે ટૂકમાં આખુ સપ્તાહ યાર્ડમાં હરાજી નહી થાય તેવુ સ્પષ્ટપણે લાગી રહ્યુ છે. અતુલભાઈ ઉમેર્યુ કે કેટલાક નાના યોર્ડમાં પણ દોઢ ટકો કમિશન છે ત્યારે રાજકોટમાં તો કમિશન વધવુ જ જોઈએ. દરમિયાન પ્રોલ માર્કેટ યાર્ડમાં ૫૦ પૈસાનો વધારો કરવાની માગણી કરવામાં આવી હતી યાર્ડના સત્તાધિશ તે સ્વીકારી લીધી છે બીજી તરફ જામ ખંમભાળિયાની વાત કરીએ તો બધી જણસી પર ૧ ટકો કમિશન છે પરતુ બીજા દિવસે પેમેન્ટનો નિયમ છે કારણે એજન્ટો પોસાય દિવસે પેમેનટ્ આવે છે આ કારણે કમિશન એજન્ટોનું રોકાણ વધી જાય છે.

# પૂરપીડિત ગૌશાળાઓની વ્હારે કચ્છની ખમીરવંતી પ્રજા આવતાં ગૌશાળાઓને રાહત

સંત, શૂરા, દાતાર અને શહીદોની ભૂમિ સમાન કચ્છની ધરા રત્નોની ખાણ છે. નાની મોટી કુદરતી આપત્તિઓમાં કચ્છની પ્રજા, વેપારીઓ, આગેવાનો, દાતાઓન સૌ કોઈને કોઈ પ્રકારે મદદરૂપ થાય છે. તાજેતરમાં બનાસકાંઠા પાટણની પુરપીડીત પરીસ્તિથીમાં પણ અનેક સંસ્થાઓએ ગૌશાળાઓને શકય તેટલો વધુ સહકાર આપ્યો છે. તાજેતરમાં પૂરની અતિ ભયંકર પરીસ્થિતી હજારો પશુઓ મૃત્યુ પામ્યા છે. અને લાખોની સંખ્યામાં પશુઓ ભૂખ અને ઠંડીથી ત્રાહીત થયાં `છ આવા વિકટ સંજોગોમાં કચ્છથી રામસેના મિત્ર મંડળ અને ભુજની નવી જથ્થાબંધ બજાર ગૌસેવા સમીતીએ રાધનપુરની રામસેવા સમીતીના કાર્યકર પપુભાઈના ફોન ઉપર સંપર્ક કરી તેમના માર્ગદર્શન મુજબ ગૌશાળાઓને ઘાસ પુરું પાડયું હતું. પપુભાઈ ગંગારામભાઈ કોટક, દિનેશભાઈ કોટક અને લાલાભાઈની કોટકની ટીમે જરૂરી સર્વે કરી વ્યવસ્થા સંભાળતાં સાંતલપુર, રાધનપુર, વારાહી, કોરડા, ભાભર, દિયોદરા, થરા સહીત વિવિધ ગૌશાળાઓમાં ઘાસચારો પૂરો પાડવામાં આવ્યો હતો. મદદ આપનારાઓનો પણ પ્રવાહ વધતાં રાધનપુર શાંતીધામમાં સ્ટોર બનાવી શાતુન, કમાલપુર, બાબરી, નવાગામ જેવાં ગામોમાં પણ પશુમાલકોને ઘાસ પુરું પડાયું હતું. આ બધા જ સતકાર્યમાં રાધનપુરના વટવૃક્ષ સમાન વડીલ અને રઘુવંશી લોહાણા સમાજના ગૌરવસમાન અનુભવી ગૌપ્રેમી ગંગારામભાઈ અનુભાવી ગૌપ્રેમી કોટક



મહુત્રાવાળાનું પુરતું માર્ગદર્શન મળ્યું હતું ભુજના ગૌપ્રેમીઓને જલારામ મંદીર ડીસાના કાર્યકર ભગવાનભાઈ બંધુએ ટેલીફોનીકલી અભિનંદન પાઠવીને બનાસકાંઠા પાટણને પૂર સમયે મદદરૂપ થવા બદલ પણ આભાર વ્યકત કર્યો હતો.

## ખેડૂતો પાક કાઢવા માંડ્યા છતાં...

અનુ. પાના ૧ નું ચાલુ...

પટોળીયાની આગેવાની હેઠળ ડીડીઓને પાઠવાયેલા આવેદન પત્રમાં જણાવાયું છે કે, પ્રધાનમંત્રી વિમા યોજના અંતર્ગત પરાક બળી જાય કે રોગ જીવાતથી નાશ પામે ત્યારે વળતર મેળવવા પાત્ર બને છે. જૂનાગઢ જિલ્લામાં ગત વર્ષની માફક આ વર્ષે પણ અનેક ખેડૂતોના ખેતરમાં મુંડાનો ઉપદ્રવ શરૂ થયો છે. ઘણા ખેડૂતોએ ઉભા પાકને ઉખેડી નાખવાની ફરજ પડી છે. સરકારનો પરિપત્ર હોવા છતાં હજુ સુધી સ્થાનિક તંત્ર દ્વારા સર્વે કે ક્રોપ કટીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી ગત વર્ષે મોડેથી આવી કાર્યવાહી થઈ હોવાથી અનેક ખેડૂતોને પાકવિમાનો લાભ મળ્યો નહોતો.

**● મામલતદારને ફોટા સાથે લેખિત રજુઆત કરવા ખેડૂતોને અપિલ ● તંત્રને જાણ કર્યા વગર બીજો પાક વવાઈ જશે તો વિમાનો લાભ નહીં મળે !**

તંત્રના રોજકામ કે કાર્યવાહી વગર ખેડૂતો બીજા પાકના વાવેતર માટે થઈને પણ મગફળીનો પાક કાઢી નાખસે તો તેને વિમો મળે નહીં. ત્યારે તાત્કાલિક આ અંગે કાર્યવાહી કરવાની માગણી અંતમાં કરાઈ છે.

## સાબરકાંઠાના ૧૦૦ ગામોનો...

અનુ. પાના ૮ નું ચાલુ

વિદેશી જર્સી - એચ.એફ. ના દૂધ - ઘી - છાશ વિશ્વમાં ડાયાબિટિસ - કેન્સર - હૃદયરોગ - સાંધા - ચામડી - મગજના રોગ કરનાર અને બાળકોને અતિ હાનિકાર પુરવાર થયાં છે. એ વિદેશી જાનવરો ગાય જ નથી, તેને દેશવટો આપીએ. ૧૦૦ ગામના લોકોએ આંગણે કાંકરેજ ગોપાલન - જાતવાન કાંકરેજ નંદીથી ગોસંવર્ધન, દેશી ગાય આધારિત કૃષિ વિદેશી જર્સી / એચ.એફ. જાનવરોને દેશવટો અને તમાકુ - મસાલાના વ્યસન મુક્તિનો મહસંકલ્પ કર્યો હતો.

આ પ્રસંગે ઈડરના ડૉ. ભગુભાઈ પટેલ લોકોને દેશી ગાયના દૂધ - ઘી - છાસના અમૂલ્ય ગુણો વર્ણવીને ખાવા અપિલ કરી હતી. બાવળિયાના વનરાજસિંહ ચૌહાણે ૧૦૦ એચ.એફ જાનવર કાઢી દેશી ગોપાલન - ગાય આધારિત કૃષિની પોતાની સફળતા કહી હતી. ભારતીય કિસન સંઘના અધ્યક્ષ મગનભાઈ પટેલ - બી.કે. પટેલ લોકોને કાંકરેજ ગોપાલન કરવા - સજીવકૃષિ અપનાવવા અપિલ કરી હતી. આ પ્રસંગે કાંકરેજ ગાયો પાળનારા કાનપુરના ૩૦ દંપતીનું જળક્રાંતિ ટ્રસ્ટે સન્માનપત્રથી સન્માન કર્યું હતું. કચ્છ - ઉત્તર ગુજરાત - મધ્ય ગુજરાતમાં કાંકરેજ ગાય આપણા આંગણે - કાંકરેજ ગોક્રાંતિનો મહાસંકલ્પ થયો હતો.

## બનાસકાંઠાના પુરગ્રસ્ત... અનુ. પાના ૮ નું ચાલુ

તાલુકાનો સમાવેશ કરવો અને સમયે મર્યાદા ત્રણ માસ છે. તે વધારી છ માસનું બીલ માફ કરવું.

(૬) નવા વિજ જોડાણ માટે અરજી કરેલ છે. બોર બનાવાવ માટે નોટીશો આપેલ છે. તેમને અત્યારની પરિસ્થિતી ધ્યાને લઈ ફરીથી છ માસનો સમય આપવો તેથી અરજી રદ ન થાય.

(૭) ટપક અને ફુવારા ખેતીવાડીમાં ખેડૂતને સહાય મળે છે. જેમાં બનાસકાંઠા જિલ્લાને જે સમય મર્યાદા સાત વર્ષ છે તેને રદ્ કરી પ્રભાવિત ગામોના ખેડૂતોને ફરીથી જી.જી.આર.સી. દ્વારા આપવી.

(૮) બટાકા સહાયમાં સમય મર્યાદા વધારી ૩૧-૧૧-૨૦૧૭ કરવી.

લોક હીતમ્ મમ્ કરણીયમ્

## શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી
રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭
હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

— 'કેશવ'નું ધ્યેય —

'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'
'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**
•શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ •અનામતો : રૂા.૪.૨૩ કરોડ •થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
•ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ •ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ •નેટ એન.પી.એ. : 'શૂન્ય'
•સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**
•શૈક્ષણિક માર્ગદર્શન •કારકીર્દી માર્ગદર્શન •વ્યવસાયી માર્ગદર્શન,
•રાષ્ટ્રી તહેવારોની ઉજવણી •સભાસદ કલ્યાણ યોજના
•ગ્રામીણ વિકાસ પ્રકલ્પ •મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**
(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ.
(૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથાં જીં ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**
(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**
જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

હરસુખભાઈ પંડ્યા – ચેરમેન
નંદકિશોરભાઈ ગરાચ – વાઈસ ચેરમેન
છગનભાઈ પેથાણી – વાઈસ ચેરમેન
મનહરભાઈ સુચક – મેનેજીંગ ડિરેક્ટર
નરેન્દ્રભાઈ ભુત – જો. મેનેજીંગ ડિરેક્ટર
સમીરભાઈ જોષી – જનરલ મેનેજર

# RSS સંઘે ચાઈનીઝ વસ્તુઓની હોળી કરી

*સુરતના મહાવીર કોલેજ કેમ્પસમાં યોજાયેલ સૈનિકોની સન્માન કાર્યક્રમમાં યુવાનોએ ચાઈનીઝ પ્રોડક્ટ્સ હોળી કરી છે. રાષ્ટ્રધ્વજ લઈને આવેલા યુવાનોએ ભેગા થઈને ચાઈનીઝ કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, ક્રોકરી વગેરેની જાહેરમાં હોળી કરી હતી.*

## સ્વદેશીથી ચીનના ષડયંત્રને પરાસ્ત કરો : યશવંત ચૌધરી

સંઘ સાથે જોડાયેલા સાંસ્કૃતિક તથા નૈતિક પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૧૦,૦૦૦ થી વધુ લોકો જોડાયા હતા. જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત પ્રાંતના કાર્યવાહક યશવંત ચૌધરીએ યુવાનોને સ્વદેશ જાગરણથી ચીનના ષડયંત્રને પરાસ્ત કરવા માટે જણાવ્યું હતું.

આરએસએસે ચાઈનીઝ પ્રોડક્ટ વિરુદ્ધ મોરચો શરૂ કરી દીધો છે. અને સુરતમાં સાંસ્કૃતિક તથા નૈતિક પ્રશિક્ષણ સંસ્થાનના માધ્યમથી સુરતમાં ચાઈનીઝ પ્રોડક્ટની હોળી કરી છે. આરએસએસના યશવંત ચૌધરીએ યુવાનોને સ્વદેશી પ્રેમ અને વંદે માતરમ્ ગાનનું મહત્વ

**મહાવીર કોલેજ કેમ્પસમાંથી સંઘના કાર્યકરોની ચાઈનીઝ પ્રોડક્ટ્સ સામે લડત**



વેસુની ભગવાન મહાવીર કોલેજના 2500 વિદ્યાર્થીઓએ કોલેજના કેમ્પસમાં ભેગા થઈ વંદેમાતરમના નારા લગાવી ચાઈનીઝ વસ્તુઓનો વિરોધ કર્યો હતો

| આ વસ્તુની હોળી કરવામાં આવી | 10 લેપટોપ | 15 મોબાઈલ | 100 રમકડા | 100 ક્રોકરી |
|---|---|---|---|---|

સમજાવ્યું હતું. જેમાં ચીની ચીજવસ્તુના બહિષ્કાર કરવાનું આહ્વાન કરાયું હતું. વંદે માતરમ્ ગાન એ યુવાનોમાં રાષ્ટ્રભક્તિની પ્રેરણા અને ઉર્જા ઉત્પન્ન કરવાનું શક્તિમંત્રી છે. ભારત હવે દરેક પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે અને સ્વદેશી જાગરણને ઘર ઘર સુધી પહોંચડાવા માટે આહવાન કરી સ્વદેશી સંકલ્પ કરાવ્યો હતો. તેમના આહવાન બાદ યુવાનોએ સ્વદેશી વસ્તુઓને દૈનિક જીવનનો ભાગ બનાવાયા અને વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવા સંકલ્પ લીધો હતો. ભારત ચીન વચ્ચેના દોકલામ વિવાદને લઈને ચીન ભડક્યું છે. તેવામાં ૧૦૦૦૦થી વધુ યુવાનોએ એકસાથે વંદે માતરમ્નું ગાન કરી વાતાવરણને દેશભક્તિથી ભીંજવી દીધુ હતું. કાર્યક્રમના અંતમાં યુવાનોએ ભેગા થઈને ચાઈનીઝ કમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, ક્રોકરી વગેરેની જાહેરમાં હોળી કરી હતી.

# દૂધસાગર ડેરીના માનેસર પ્લાન્ટના વેચાણમાં પશુપાલકોનું હિત જાળવો

મહેસાણાની દૂધસાગર ડેરીના હરિયાણા નજીકના ગુરુગ્રામ ગુડગાવ આવેલા માનેસર પ્લાન્ટના વેચાણ પારદ્રશી રીતે થાય અને પશુપાલકો હિત જળવાય તેન તકેદારી રાખવા માટે પશુપાલકો રાજ્ય સરકારના રજૂઆત કરી છે અમુલ ફેડરેશન દ્વારા દેશ વિદેશમા દૂધ સહિતના વેચાણ દ્વારા દર વર્ષ થતા નફામાથી ગ્રામીણ દૂધ મંડળીઓ પશુપાલકો બોનસ રૂપે ભાવવધારો આપવામા

**મહેસાણાની ૧૦ ગ્રામીણ દૂધ મંડળીઓ ભાવવધારો ન અપાતા પશુપાલકો નારાજ/ ગુરુગ્રામનો પ્લાન્ટ વેચવામા પારદર્શિતા જળવાય અને પૂરતી કિમત ઉપજે તે જોવા સરકાર સમક્ષ માંગ**

આવે છે જો કે તાજેતરમાં ગુરુગ્રામ દૂધ મહાનસાગર પ્લાન્ટનુ વેચાણ કરવાની જાહેરાતની પગલે આ પ્લાન્ટમા વેચાણથી પશુપાલકોનુ હિત જોખમાય નહી તે જોવા માટે માત્ર ઉઠી છે. નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ જણાવ્યુ કે દિલ્હી નજીકના આપ્લાન્ટના વેચાણ અંગેની જાહેરાતને પગલે સમગ્ર વેચાણ પ્રક્રિયા પારદર્શી રીતે થાય તેને પશુપાલકો હિત સચવાય તે માટે માણસા અને પાટણ સહિતના વિસ્તારો આવરી લેતા જૂના મહેસાણા જિલ્લાના આગેવાનોએ તેમની સમક્ષ રજૂઆત કરી છે સામાન્ય રીતે ડેરીઓન કામગીરી પર અમુલ સહિતના રાજ્યકક્ષાના સંઘ ફેડરેશન દેખરેખ રાખવા હોય છે પરતુ આ પ્લાન્ટના વેચાણમા કોઈ ગેરરીતમિ ન થાય તે માટે તેમની સમક્ષ રજૂઆત કરાઈ હોવાનુ તેમણે ઉમેર્યુ છે.

સામાન્ય રીતે ડેરી સંઘો દ્વારા દર વર્ષે તેમના વાર્ષિક નફામાંથી ગ્રામીણ વિસ્તારો ડેરીમાં દૂધ ભરીને ગુજરાત ચલાવતા પશુપાલકોને આપવામા આવતા દૂધના ભાવમાં વધારો બોનસ જાહેર કરવામાં આવે છે જેનાથી ખેડૂતોને વધારાની આવક થતી હોય છે જો કે માનેસર પ્લાન્ટનું વેચાણ કરવામાં આવે તો પશુપાલકોનું દૂધ લેવાનું બધ થાય અને તેમની રોજીરોટીન છીનવાય તે માટે વેચાણની સમગ્ર પ્રક્રિયા પારદર્શી રીતે પશુપાલક ખેડૂતોના હિતમાં થાય તેવી માગ આગેવાનોનએ સરકાર સમક્ષ કરી હોવાનુ નાયબ મુખ્યપ્રધાને જણાવ્યુ છે નોધનીય ડેરીઓ કામગીરી પર અમુલ સહિમતના રાજયકક્ષા સંઘ ફેડરેશન દેખરેખ રાખતા હોય છે ગેરરીતમિ ન થાય તે માટે સમક્ષ રજૂઆત કરાઈ હોવાનુ તેમણે ઉમેર્યુ છે. સામાન્ય રીતે ડેરી સંઘો દ્વારા દર વર્ષે તેમના વાર્ષિક નફામાંથી વિસ્તારો ડેરીમા દૂધ ભરીને ગુજરાત ચલાવતા પશુપાલકોને આપવામા આવતા દૂધના ભાવમા વધારો બોનસ ડેરી અવાક થતી હોય જોકે માનેસર પ્લાન્ટનું વેચાણ કરવાનું આવે તો પશુપાલકોનુ દૂધ લેવાનુ બંધ ન થાય અને તેમની રોજીરોટી ન છીનવાય તે માટે વેચાણની સમગ્ર પ્રક્રિયા પારદર્શી રીતે પશુપાલક ખેડૂતોના હિતમાં થાય તેવી માગ આગેવાનોએ સરકાર સમક્ષ કરી હોવાનું નાયબ મુખ્યપ્રધાને જણાવ્યુ છે નોધનીય છે કે તત્કાલિન મુખ્યપ્રધાન અને હાલના વડાપ્રધાન નરેન્દ્રમોદી શાસનના મહેસાણાની દૂધસાગર ડેરી દ્વારા હરિયાણા દૂધસાગર ડેરી પ્લાન્ટનો પ્રારભ કરવામા આવ્યો હતો અને ગુજરાત બહાર દૂધ વેચાણની સાથેસાથ ઉત્પાદન કરવાની શરૂઆત કરવામા આવી હતી જો કે કોઈ કારણોસર હવે આ પ્લાન્ટ વેચવા કાઢવામા આવ્યો છે.

# સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, મોરબી, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, અરમેલી જિલ્લાના ખેડૂતોને ૧૩ અબજ રૂપિયાનું વીમા વળતર : ખેડતોમાં ખુશીનું મોજું

કેન્દ્ર સરકાર દ્વારા ગત વરસે અપૂરતો વરસાદ થવાને કારણએ મોટા ભાગનો પાક નિષ્ફળ જવાથી ખેડૂતો દ્વારા વ્યાપક માત્રામાં પાકવિમાની માંગણી કરવામાં આવી હતી. દુષ્કાળના અંતિમ ભાગમાં જ કેન્દ્ર સરકાર ખેડૂતો ઉપર વરસી છે અને ગુજરાતના ખેડૂતો માટે અંદાજે ૨૭ અબજથી પમ વધુ રકમનો પાક વિમાની રકમ કેન્દ્રએ ફાળવતાં ખેડૂતોમાં હરખની હેલી ફેલાણી છે. ભારે દુષ્કાળ અને પાણીની અછત અનુભવતા સૌરાષ્ટ્રના સાત જિલ્લામાં કન્દ્ર સરકારે ખુલ્લા હાથે પાક વિમો મંજુર કર્યો છે. કુલ ૨૭ અબજમાંથી સાડા તેર અબજ જેટલી રકમ સૌરાષ્ટ્રના સાત જિલ્લાના અંદાજે અઢી લાખ ખેડૂતોને ફાળવી છે. સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લને ૩૦ લાખ, દેવભૂમિ દ્વારકાને ૨૯ કરોડ, જામનગર જિલ્લાને ૧૬ કરોડ, જૂનાગઢ જિલ્લાને ૩૦૦ કરોડ, મોબરી જિલ્લાને ૧૭૭ કરોડ, પોરબંદર જિલ્લાને મોરબી જિલ્લાને ૧૭૭ કરોડ, પોરબંદર જિલ્લાને ૧૯૧ કરોડ તથા રાજકોટ જિલ્લાને ૩૬૬ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે.

સૌરાષ્ટ્રના કુલ અઢી લાખ જેટલા ખેડૂતોને સાડા તેર અબજ જેટલી રકમ મળતાં ખેડૂતોમાં ભારે ખુશાલીની લાગણી અનુભવાઈ છે. કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરિયાએ પાક વિમાની રકમ મંજૂર કરાવવા અંગત રસ લીધો હતો. પોરબંદર જિલ્લામાં ગત વર્ષે અપૂરતો વરસાદ વરસ્યો હોવાના લીધે મોટાભાગનો પાક નિષ્ફળ ગયો હતો ત્યારે દુષ્કાળના વર્ષના અંતિમ દિવસોમાં ધરતીપુત્રો માટે લાપશીના આંધણ મુકાય તેવા સમાચાર આવ્યા છે કે, પોરબંદર જિલ્લામાં રૂા. ૧૯૧ કરોડ રૂપિયા જેવી રકમનો પાક વીમો મંજૂર થયો છે અને તેનો લાભ જિલ્લાના ૨૭ હજાર ધરતીપુત્રોને મળશે.

પોરબંદર જિલ્લામાં ગત વર્ષે પડેલા અપૂરતા વરસાદના કારમએ ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને પાક વીમો વહેલી તકે મળી જાય તે રીતે જુદા જુદા ગામડાના આગેવાનો દ્વારા રજૂઆત થઈ હતી તે અનુસંધાને કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરિયાએ સરકારમાં ખાસ ભલામણ કરીને પોરબંદર જિલ્લાના ત્રણેય તાલુકાઓને પાક વીમો ચુકવાય તે માટે કાર્યવાહી હાથ ધરી હતી તે અંતરગ્ત પોરબંદર જિલ્લાના ૨૭ હજાર જેટલા ખેડૂતોને અંદાજે ૧૯૧ કરોડ રૂપિયા જેવી માતબર રકમનો પાક વીમો મંજૂર કરી દેવામાં આવ્યો છે અને તેના કારણએ દુષ્કાળના દિવસોમાં ખેડૂતોને રકમ મળવાની હોવથી આગામી ચોમાસાના વાવેતર માટે પણ તેઓ વ્યવસ્થા કરી શકશે તાલુકો ખેડૂત મંજૂર થયેલ પાક વિમો પોરબંદર ૧૨૩૪, ૧ અબજ ૧૦ કરોડ ૯૪ લાખ ૩૮ હજાર ૪૩૭, કુતિયાણા ૭૧૧૬, ૫૪ કરોડ ૫૫ લાખ ૯૯ હજાર ૭૩૧, રાણાવાવ ૪૪૦૬ ૫ કરોડ ૮૯ લાખ ૫૨ હજાર ૫૦૩, કુલ ૨૩૭૫૬ ૧ અબજ ૯૧ કરોડ ૩૯ લાખ ૯૦ હજાર ૬૭૨ની રકમમંજૂર થઈ છે.

# આરોગ્ય દાતા દેશી ગાય

## સૃષ્ટિનો સાર પંચગોસત્ત્વ

**(૭) ઝેરમુક્તિ દાતા :** ગાયને માનવની જેમ ખુબ પરસેવો વળે છે. આહાર, પાણી, હવા દ્વારા ગાયના શરીરમાં ગયેલું સુક્ષ્મ ઝેર પરસેવા વાટે બહાર નીકળી જાય છે. જ્યારે ભેંસ, જર્સી / એચ.એફ. જાનવર, ઘેટા, બકરા, ઉંટને સાવ અલ્પ પરસેવો વળે છે. એથી આહાર પાણી હવાથી આ પ્રાણીઓના શરીરમાં ગયેલું ઝેર તેના દૂધમાં હોય છે. આ પૃથ્વી ઉપર માત્ર દેશી ગાયનું દૂધ જ શુદ્ધ કે વિષમુક્ત છે. ગાયના દૂધ, ઘી, છાશ, ગોમૂત્ર અને ગોબરને આયુર્વેદમાં ઝેર નાશક કહ્યાં છે. ઝેરકચોલું નામની ભયાનક ઝેરી વનસ્પતિ ખાવાથી માનવ કે પ્રાણીનું મૃત્યુ થાય છે. સદાનંદ શર્માના રસ સારંગી ગ્રંથના અધ્યાય-૨માં લખ્યું છે કે ઝેર ચોલકાને દેશી ગાયના ઘીમાં તળવાથી ઝેરકચોલુ વિષ (ઝેર) મુક્ત થઈને લો બી.પી., પાચનતંત્ર અને હાથ - પગની કળતરનું મહા ઔષધ બની જાય છે. વચ્છનાગ એટલે ઝેરી વનસ્પતિ છે કે, એ જ્યાં ઊગે ત્યાં આસપાસ ઘાસ - છોડ બળી જાય છે. એ વચ્છાનાગના મૂળને સાત દિવસ ગોમૂત્રમાં પલાવળવાથી એ પંદરથી વધુ રોગોનું મહાઔષધ બની જાય છે. દેશી ગાયના દૂધની ૩ કલાક વરાળ આપવાથી ભયાનક ઝેરી ધથુરાના બીજ શુદ્ધ થઈને શ્વાસ, ઉધરસ, ગાંડપણનું મહાઔષધ બની જાય છે. છાસથી પણ ધતુરો શુદ્ધ થાય છે. ગાયના દૂધ, ઘી, છાશ, ગોમૂત્ર, ગોબરથી લગભગ તમામ ઝેરી વનસ્પતિઓનું શોધન (ઝેરમુક્ત) કરી શકાય છે અને અખાદ્ય ધાતુઓને ઔષધ બનાવી શકાય છે. આ પ્રયોગ માત્ર જાણકાર વૈદોએ જ કરવો. ચરક સંહિતાના અધ્યાય ૧માં ગોમૂત્રને ઝેરનાશક કહ્યું છે. દેશી ગાયના દૂધ, ઘી, માખણ, છાસ, ગોમૂત્ર શ્રેષ્ઠ પોષક આહાર અને આરોગ્યદાતા સાથે ઝેરમુક્તિદાતા મહાઔષધ પણ છે.

આજે સમગ્ર વિશ્વમાં કૃષિમાં બેફામ પણે જંતુનાશક ઝેર અને રાસાયણિક ખાતરો વપરાય છે. એ બધુ જ ઝેર - રસાયણ માનવથી લઈ તમામ જીવસૃષ્ટિના પેટમાં જાય છે. ઝેર - રંગ - રસાયણો અને ઉદ્યોગના કારણે ખોરાક, પાણી અને હવાના અણુ - અણુમાં ઝેર પ્રસર્યું છે. ત્યારે આ



ઝેરથી માનવને, તેના વંશને અને સમગ્ર જીવસૃષ્ટિને ઉગારનારી માત્રને માત્ર દેશી ગાય જ છે.

**વિષમુક્તિ :** કોઈ માણસ જાણતા - અજાણતા ઝેર પી ગયું હોય કે આહારમાં ઝેર ભળી ગયું હોય તો તેને તરત જ પેટમાં સમાય તેટલું દેશી ગાયનું ઘી પાવાથી તરત જ ઊલટી થઈને ઝેર બહાર નિકળી જશે. ઊલટી પુરી થઈ ગયા પછી તરત જ પેટમાં સમાય તેટલું ગોમૂત્ર પાવાથી આંતરડામાં ગયેલું ઝેર ઝાલા વાટે વહાર નીકળી જશે. તુરંતના આ પ્રયોગથી માણસ બચી જાય છે. જ રીતે તમાકુ કે જંતુનાશકો, કેમિકલો અને એલોપથીની વધારે પડતી દવાઓનું ઝેર શરીરમાં જમા થવાથી કેન્સર થાય છે. દેશી ગાયના દૂધ, ઘી, માખણ, દહીં, છાસ, ગોમૂત્ર અને ગોબરના રસના સેવાનથી કેન્સરથી બચી શકાય છે અને પ્રાથમિક તબક્કાનું કેન્સર મટે છે.

**(૮) ઉત્તમ સંતતિદાતા :** પ્રકૃતિનો સનાતન સિદ્ધાંત છે કે, માતા - પિતાના અસ્તિત્વનો જ વારસો બાળકમાં આવે છે. ગાયનાં દૂધ - ઘી - માખણ - છાસમાં ઓજસ અને તેજસ તત્વ છે. જેનું નિત્ય સેવન કરનાર સ્ત્રીનું બીજ અને પુરુષના શુક્રાણું વિષમુક્ત અને પ્રાણવાન થાય છે. પુરુષને શુક્રાણુંની સંખ્યા ખૂબ વધે છે. આથી નિત્ય ગાયનાં દૂધ - ઘી - માખણ - છાશનું સેવન કરનારને ત્યાં પ્રાણવાન સંતાનો જન્મે છે. અને તેનાં સંતાનોને ત્યાં પણ અવશ્ય સંતાન જન્મે છે, એવો આયુર્વેદનો ઋષિઓનો મત છે. વૈદિકકાળથી વર્તમાન કાળમાં ગાયનાં દૂધ - ઘી થી અસંખ્ય દંપતને પ્રાણવાન કે દિવ્ય સંતાન થયાના ઈતિહાસમાં પ્રાણ છે. સમગ્ર દેશમાં પરંપરાથી ગાયો પાળી તેનાં દૂધ - ઘી ખાનારી પ્રજામાં શારીરિક નબળાઈથી વંધ્યત્વ અણએ ક્યાં જોવું નથી. ગાયનાં દૂધ - ઘી થી હજારો દંપતીને સંતાન થયાના દાખલા એ જોયાં - જાણ્યાં છે.

**(૯) દિવ્ય આત્મા :** વેદો કહે છે કે ગાય ભાંભરવાના અવાઝથી વાતાવરણ દિવ્ય બને છે. ગાયનાં છાણા અને ઘીના દીપક - ધૂપ - યજ્ઞથી પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ પંચમહાભૂતની શુદ્ધિ થાય છે. ગાયનાં નિત્ય દર્શન - સહવાસથી માનસિક રોગો મટે છે. અગ્નિપુરાણમાં કહ્યું છે ગૃહ પ્રવેશ વખતે ગાયની પીઠ પર હાથ રાખી પ્રવેશ કરી, ગાયને પ્રાણામ કરી પ્રાર્થના કરવાથી ઘરમાં આજીવન વિઘ્નો આવતાં નથી, સંકટોથી મુક્તિ મળે છે અને મંગલ થાય છે. ગાય માથે નિયમિત હાથ ફેરવવાથી હૃદયરોગ મટે છે. ગાયનાં ઉચ્છવાસથી ક્ષય, શ્વાસ મટે છે. ગોપાલક બિમાર પડે ત્યારે તેને રોગમુક્તિ થાય એવી ઔષધીય વનસ્પતિ દેશી ગાય જંગલ, ગૌચરમાં પોતે ખાય છે. જેના ગુણ દૂધ, ગોમૂત્રમાં આવતા પાલકને રોગમુક્તિ થાય છે. ગાય જે ભૂમિમાં નિવાસ કરે છે, ત્યાં કોઈ આસુરી આત્મા ટકી શકતો નથી. આ બધાં પ્રમાણ અમે જોયાં - ચકાસ્યાં છે. સમગ્ર પૃથ્વીમાં ગાય એક જ એવો જીવ છે, જેમાં પરમાત્મા અને પ્રકૃતિના સત્વગુણોનો વાસ છે. આવો સંસ્કૃતિના પ્રારંભથી તમામ ઋષિઓનો સર્વસંમત મત છે.

**આયુર્વેદનો મૂલાધાર દેશી ગાય :** આયુર્વેદ વિશ્વમાં સૌથી સફળ ચિકિત્સા પદ્ધતિ છે. આયુર્વેદમાં માનવ શરીરમાં થતા તમામ રોગોમાંથી ૫૦ ટકાથી વધુ રોગોમાં દેશી ગાયના દૂધ, ઘી, છાશ, ગોમૂત્ર સીધા ઔષધ તરીકે અથવા અન્ય ઔષધના સહાયક (અનુપાન) તરીકે વપરાય છે. આથી આયુર્વેદનો મૂલાધાર જ દેશી ગાય છે ગાય માતાના વર્ણસંકરણથી ભારત કે વિશ્વમાંથી દેશી ગોવંશનો નાશ થાય તો, આયુર્વેદનો પણ નાશ જ થાય. આથી આયુર્વેદ અને માનવજાતિને બચાવવા સમગ્ર વિશ્વમાં ગાયમાતાનું વર્ણસંકરણ અટકાવવું અને શુદ્ધ જાતવાન દેશી ગોવંશની સુરક્ષા અનિવાર્ય છે.

---

### પાક વીમાની વિસંગતતા દૂર કરવા માંગણી

# જૂનાગઢ જિલ્લામાં નહિવત પ્રમાણમાં પાકવીમો અપાતા ખેડૂતો નારાજ થયા..

***જૂનાગઢ જિલ્લામાં નહિવત પ્રમાણમાં પાકવીમો અપાતા ખેડૂતો નારાજ થયા છે. ક્રોપ કટીંગ સમયસર ન થવાથી ખેડૂતોને અન્યાય થયો છે. આ મુદ્દે આજે જિલ્લા કિસાન સંઘે કલેક્ટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું હતું અને પાકવીમા અંગેની વિસંગતતા દૂર કરવા માંગ કરી હતી.***

## ક્રોપ કટીંગ સમયસર ન થવાથી ખેડૂતોને અન્યાય, કિસાન સંઘે આપ્યું આવેદનપત્ર

જૂનાગઢ જિલ્લામાં પાકવીમાની રકમ બાબતે અનેક વિસંગતતાના કારણે ખેડૂતોને નહિવત પ્રમાણમાં પાકવીમો આપવામાં આવે છે. ગત વર્ષે ક્રોપ કટીંગની કામગીરી થઈ હતી. તેનું રેકર્ડ તપાસવામાં આવે તો જિલ્લાના ઘણા ગામોમાં વીમો ચુકવવા પાત્ર થઈ શકે તેમ છે. જે તે સમયે અમુક ગામોમાં સમયસર ક્રોપ કટીંગ થયું ન હતું. જેથી ખેડૂતોને વીમાની રકમ મળી નથી. ક્રોપ કટીંગ સમયસર ન થાય તો વીમા કંપની જવાબદાર છે પરંતુ ખેડૂતો તેનો ભોગ બની રહ્યા છે. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં પાક બળી જાય કે નુકસાન પામે તો વીમો મળે છે. પરંતુ મુંડાથી મગફળીના પાકમાં નુકસાન થયુ હતુ. તેનો વીમો મળત નથી. વીમા કંપની અને ખેતીવાડી વિભાગની બેદરકારીથી ખેડૂતોને અન્યાય થયાનો કિસાન સંઘે આક્ષેપ કર્યો છે. આજે કિસાન સંઘે કલેક્ટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું હતું. તેમાં ખેડૂતો પાકવીમાની કામગીરીથી નારાજ છે. આથી તાકિદે વિસંગતતાઓ દૂર કરી ખેડૂતોને ન્યાય અપાવવા માંગ કરી છે.,

# લાખાણી તાલુકા કિસાન સંઘ દ્વારા ખેડૂતોને પૂરમાં થયેલ નુકશાન બાબતે આવેદન પત્ર આપ્યું....

વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭ એ બે વખત પૂર આવાથી ભીમાજી ગોળીયા તથા લાખણી તાલુકાના ગામડાઓમાં ખેડૂતોના ખેતરમા નદી બનીને પાણીનું વહેણ થયેલ છે. ખેતરોમાં ૨ ફુટથી લઈને ૨૫ થી ૩૦ ફૂટ જેટલું ધોવાણ થવાથી ખાડા ખોજરા પડી ગયા છે તેમજ જે ખેડૂતોના ખેતરો સરખા થઈ જ શકે તેમ નથી તેમને તેના બદલે અન્ય જગ્યાએ ખેતરની જમીન ફાળવવામાં આવે તેમજ નકશાનનું ખરેખર સાચુ સર્વે કરી નુકશાનના પ્રમાણમાં સરકાર તરફી પુરતું અને તાત્કાલિક વળતર આપવામાં આવે તેવી ભારતીય કિસાન સંઘ દ્વારા માંગ કરાઈ છે.



આ વિસ્તારમાં મોટા ભાગે દાડમના પાકનું વાવેતર થાય છે. પરંતુ દાડમના બગીચાઓ પુરના કારણએ નષ્ટ થઈ ગયા છે. અથવા છીન્ન ભીન્ન થઈ ગયા છે તેવા ખેડૂતોને હેક્ટર દીઠ ૧૮૦૦૦ રૂા. પ્રમાણે સહાય ચુકવણું થાય છે. જ્યારે એક હેક્ટર દીઠ દાડમના બગીચાનો રોપાવોનો ખર્ચ ૭ થી ૮ લાખ રૂપિયા જેટલો થાય છે. તો તેના પ્રમાણમાં વળતર ચુકવવામાં આવે તેમજ પાણી આવવાથી ખેતરોમાં કરેલ ટપક માટેના સાધનો તેમજ ફુવારા માટેના સાધનો પાઈપો નષ્ટ થઈ ગયા છે તો તેને પણ ધ્યાને લઈ વળતર ચૂકવવા માટે આવેદન પત્ર આપેલ છે.

# સાબરકાંઠાના ૧૦૦ ગામોનો કાંકરેજ ગોપાલન અને વિદેશી જર્સીને દેશ વટોનો સંકલ્પ...

જળક્રાંતિ ટ્રસ્ટ દ્વારા અંબાજીથી કોટેશ્વર કચ્છ કાંકરેજ ગાય આપણા આંગણે યાત્રા કાઢીને ૨૦૦૦ ગામના લોકોને ૧૧ લાખ પૂર્ણ જાતવાન અને શ્રેષ્ઠ દૂધાળ કાંકરેજ ગાય નિર્માણનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. આ યાત્રામાં ઈડરના કાનપુર ગામના નિવૃત્ત અધિકારી એન કિસાન રઘુભાઈ ચૌધરી પટેલે કાંકરેજ ગાય આપણા આંગણે યાત્રાના પ્રણેતા મનસુખભાઈ સુવાગીયાના કાર્ય થી પ્રભાવિત થઈને મનસુખભાઈએ લખેલા ગોવેદ, ગોસત્વ, ગાય આધારિત કૃષિ, અને કાંકરેજ ગાય આપણા આંગણે પુસ્તકની ૨૦૦૦ નકલો ખરિદીને અને સાબરકાંઠા - અવરલ્લી જિલ્લાના ગામોમાં પુસ્તકો વહેચ્યા આજે કાનપુરમાં ૧૦૦ કાંકરેજ ગોવંશ છે. અને ગામોમાં લોકો એ જર્સી / એચ.એફ. જાનવરો ભેંસો કાઢીને કાંકરેજ ગોપાલન - ગોસંવર્ધન કરતા થયાં છે.



ઉત્તર ગુજરાતના ૧૦૦ ગામોને કાંકરેજ ગોપાલન - સવર્ધન સંકલ્પ લેવડાવતા જળક્રાંતિ ટ્રસ્ટ, રાજકોટના પ્રમુખ મનસુખભાઈ સુવાગીયા

કાંકરેજ ગોપાલન અને દેશી ગાય આધારિત કૃષિને વેગ આપવા તા. ૧૮-૮-૨૦૧૭ના રોજ જળક્રાંતિ, ગીર ગાય ક્રાંતિ અને કાંકરેજ ગાય ક્રાંતિના પ્રણેતા મનસુખભાઈ સુવાગીયાની અધ્યક્ષતામાં કાનપુર ગામે સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના ૧૦૦ ગામના ૧૫૦૦ કિસાન ભાઈ - બહેનોનું સંમેલન યોજાયુ. જેમાં કાંકરેજ ગાયની વિશેષતા સમજાવતા મનસુખભાઈ સુવાગીયાએ જણાવ્યું કે, કાંકરેજ ગાય ભારતના પાંચ શ્રેષ્ઠ દુધાળ ગોવંશમાં આવે છે. દાંતીવાડા યુનિવર્સિટીમાં કાંકરેજ ગાયો દૈનિક સરાસરી ૯ થી ૧૦ લીટર અને ૩૦૦ દિવસનું ૨૭૦૦ લીટર દૂધ આપે છે. જ્યારે સૌરાષ્ટ્રના સરકારી ફર્મની ગીર ગાયો દૈનિક ૫ થી ૧૦ લીટર અને ૩૦૦ દિવસનું ૨૭૦૦ લીટર દૂધ આપે છે. જ્યારે સૌરાષ્ટ્રના સરકારી ફર્મોની ગીર ગાયો દૈનિક ૫ થી ૭ લીટર અને વેતરનું ૨૦૦૦ લીટર દૂધ આપે છે. કચ્છ બનાસકાંઠા - પાટણ જિલ્લાના રબારી - ભરવાડની ગાયો ખેડૂતો - સંસ્થાઓએ ખરીદી, એ સારા ખોરાક - માવજતમાં દૈનિક ૧૫ થી ૨૫ લીટર દૂધ આપે ચે. આથી કાંકરેજ કરતા ગીર ગાયો વધુ દૂધ આપે છે. એ માન્ય તદ્દન ખોટી છે. કાંકરેજ ગાયો પણ શ્રેષ્ઠ દૂધ આપે છે. તેમજ ગીરની તુલનાએ કાંકરેજના



ઉત્તર ગુજરાતના ૧૦૦ ગામોને કાંકરેજ ગોપાલન - સવર્ધન સંકલ્પ લેવડાવતા જળક્રાંતિ ટ્રસ્ટ, રાજકોટના પ્રમુખ મનસુખભાઈ સુવાગીયા

આઉ - આયળ ભાગ્ય જ ખરાબ થયા છે. કાંકરેજે ગોવંશની ફળદ્રુપતા ગીરથી ઘણી ઉંચી છે. કાંકરેજ ગાય ઠંડી - ગરમી - ભૂખ - તરસ અને ચાલવાનો પરિશ્રમ વધુ સહન કરીને સારું દૂધ ઉત્પાદન આપે છે. સુંદરતા અને માલિકને પ્રેમ આપવામાં કાંકરેજ ગાય ભારતમાં પ્રતણ ક્રમે છે. અમારા મતે કાંકરેજ ગોવંશ ગીરથી સવયોન મૂલ્યવાન ગોવંશ છે. પૂર્ણ જાતવાન અને દૂધાળ વંશના કાંકરેજ નંદીથી ગોસંવર્ધન કરવાથી ગામે ગામ દેશી ગાયનું દૂધ બમણું થઈ જસે અને ગાયની કિંમત પાંચ થી દશ ગણી થઈ જશે.

કુદરત - પરમાત્માએ જે પ્રદેશમાં જે ગોવંશ ઉત્પાદન કર્યો છે, તેના દૂધ - ઘી - છાસ જ એ પ્રદેશના લોકો માટે સૌથી વધુ ગુણકારી છે. તેમજ પોતાના પ્રદેશના ગોવંશનું પાલન જ સાચી ગોરક્ષા - ગોસેવા છે. અને કાંકરેજ ગાયના દૂધ - ઘી - ગોમૂત્રના ૩૦૦ નમૂના લેબોરેટરીમાં પરિક્ષણ કરાવતા તેમાં સુવર્ણ તત્વ આવેલ છે. આથી કચ્છ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કાંકરેજ ગાયનું આંગણએ પાલન અને જાતવાન કાંકરેજ નંદીથી સંવર્ધન એમાંજ ગોપાલકો - કિસાનોનું કલ્યાણ અને સાચી ગોરક્ષા છે.

ચેતવણી : અજ્ઞાનતા કે ભૂલથી કચ્છ - ઉચ્ચ ગુજરાતમાં ગીર ગાયો લઈ જવાથી ભયાનક રીતે મિશ્ર ગોવંશ થઈ રહ્યો છે. જે ગોવંશના સંપૂર્ણ વિનાશનું મહપાપ છે. આથી ગોસેવકો - ગોપાલકો આગળ આવે અને સૌને માત્ર કાંકરેજ ગાયો જ પાળવા માર્ગદર્શન આપે.

અમ ઇ.સ.૨૦૦૪ મા જામકાયા દેશી ગાય આધારિત કૃષિનો પ્રારંભ કર્યો. સેંકડો ગામોમાં ૨૦ થી ૫૦ ટકા ઉત્પાદન વૃધ્ધિ, ૩૦ થી ૩૫ ટકા પિયતના પાણીની બચત અને પ્રતિ એકરે પાંચ હજાર રૂપિયા રસાણિક ખાતર જંતુનાશક ઝેરના ખર્ચની બચતના ઉત્કૃષ્ટ પરિણામો મળ્યા છે. કિસન અને દેશને ઝેર વગરના પ્રાણશક્તિ દાતા અન્ન - ફળ - શાક - મસાલા - ઘાસચારો મળે છે.

અનુ. પાના ૫ પર

# બનાસકાંઠાના પુરગ્રસ્ત વિસ્તારના ખેડૂતોને પુરતી સહાય આપવા કિસાન સંઘની માંગણી

ભારતીય કિસાન સંઘ બનાસકાંઠા ખેડૂતોના જયશ્રી બલરામ ચાલુ ચોમાસાની સીઝનમાં બનાસકાંઠા જિલ્લામાં અતિ ભારે વરસાદ થયેલ સાથે સાથે રાજસ્થાનમાં પણ ભારે વરસાદના કારણએ બનાસકાંઠા જિલ્લામાં પુરની પરિસ્થિતિ ઉભી થયેલ જેમાં ખેડૂતોના મોટા પ્રમાણમાં માનવમૃત્યુ, પશુ, મૃત્યુ, ખેતી પાક અને જમીન ધોવાણ (નદી જેવા વહેણ)થી મોટા પ્રમાણમાં નુકશાન થયેલ છે.



*બનાસકાંઠામાં આવેલ પૂરની પરિસ્થિતી અંગેની કિસાનો - કૃષિને નુકસાન અને રાહત - સહાય - પેકેજ અંગે મા. જીલ્લા કલેક્ટરશ્રીને રજુઆત કરતાં જીલ્લા પ્રમુખશ્રી ભીખાભાઈ ભૂટકા તથા જિલ્લાનું પ્રતિનિધિ મંડળ...*

જે બાબતે આપ સાહેબ પણ પાંસ દિવસ સુધી જિલ્લામાં આપનો કિંમતી સમય સાથે રોકાણ કરી જિલ્લાની પરિસ્થિતિ નજરે જોઈ છે. યુદ્ધના ધોરણે રાજયના મંત્રીશ્રીઓ અને અધિકારી ગણ સાથે જિલ્લાને પુનઃ ધબકતાં કરવા ભારે જહેમત ઉઠાવી.

ભારતીય કિસાન સંઘ પ્રદેશ અને બનાસકાંટા જિલ્લો સતત પાંચ દિવસ કરેલ કામગીરને બીરદાવે છે. જિલ્લામાં પુર હોનારતનો ભોગ બન્યા પછી ખેતી ક્ષેત્રે કેન્દ્રના અધિકારી પ્રદેશ અને જિલ્લાની ટીમ સાથે પાંચ દિવસ સુધી સર્વે કર્યા પછી અમુક પ્રશ્નો સાથે ખેડૂતને સહાય રૂપ થવા નમ્ર વિનંતી...

(૧) પુર હોનારતના કારણે ટપક અને ફુવારા જમીનમાં નાખેલ પાઈપ લાઈન વહેતા પાણીમાં તણાઈ ગયેલ તેવા તમામ ખેડૂતને સહાય મળવી જોઈએ. જિલ્લામાં ટપક ફુવારા અપનાવેલ સંખ્યા ૧.૭૨ હેક્ટર નુકશાન થયેલ ખેડૂત અંદાજીત સાત હજાર વિમા લીધેલ ખેડૂત સંખ્યા અંદાજીત ત્રણેક હજાર.

(૨) પુરના પાણીથી અતિ પ્રભાવિત થયેલ ગામોમાં પસુ તણાઈ ગયેલ છે. પી.એમ. (પંચકેશ) થઈ શકે તેમ નથી તેવા ખેડૂતને સહાય આપવી. કાંકરેજના ૧૦ જેટલા ગામ અને ધાનેરાના અમુક ગામોનો સમાવેશ.

(૩) જમીન ધોવાણ થેયલ તમામ ખેડૂતનું ઝડપથી સર્વે કરી પુરતા પ્રમાણમાં સહાય ચુકવી જેથી ખેડૂત પોતાના ખેતરમાં ફરીથી ખેતી કરી શકે.

(૪) ખેડૂતના પોતાના માલિકીના કુવા / બોર / ખેતરમાં રહેઠાણ મકાન, પશુના રહેઠાણમાં નુકશાન થયેલ છે. તેમને સહાય આપવી.

(૫) ખેતી વિષયક વિજ જોડાણમાં જે જિલ્લા તમામ

અનુ. પાના ૫ પર...

તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.